# APPENDIX D

## CRITERION TESTS AND COMPREHENSIVE TEST

નામ :- ............... રોલ નંબર :- .......

-: એકમ - કસોટી ૧ :-

ગુણ

૧. નીચે કેટલાંક વિધાનો કે પ્રશ્નો આપ્યા છે. તેની નીચે તેના શકય જવાબો આપ્યા છે. જે જવાબ સૌથી યોગ્ય લાગે ત્યાં ✓ નું નિશાન કરો. (૫)

(૧) શાળામાં વ્યવસ્થિત શિક્ષણ પુરું પાડવા સૌ પ્રથમ દરેક વિષયના

(અ) શૈક્ષણિક હેતુઓ તૈયાર કરવા પડે.
(બ) શૈક્ષણિક અનુભવોનું આયોજન કરવું પડે.
(ક) શિક્ષણની પદ્ધતિઓ નકકી કરવી પડે.
(ડ) મૂલ્યાંકન પદ્ધતિઓ નકકી કરવી પડે.

(૨) સમગ્રાત્મક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓના વિકાસના

(અ) કેટલાંક પાસાઓને આવરવા જોઇએ.
(બ) ઘણા પાસાઓને આવરી લેવા જોઇએ.
(ક) દરેક પાસાને આવરી લેવા જોઇએ.
(ડ) એક જ પાસાનો વિકાસ ધ્યાનમાં લેવો જોઇએ.

(૩) વિદ્યાર્થીઓની સિદ્ધિનું મૂલ્યાંકન કરવા કઇ મૂલ્યાંકન પદ્ધતિનો ઉપયોગ કરવો તેનો સૌથી વધુ આધાર શેના પર છે ?

(અ) શીખવવાની પદ્ધતિ
(બ) એકમનું સ્વરુપ
(ક) વિદ્યાર્થીઓની કાર્યશકિત
(ડ) વર્તન પરિવર્તનોનું સ્વરુપ.

(૪) મૂલ્યાંકન સતત ચાલતી પ્રક્રિયા છે કારણ કે તે,

(અ) શિક્ષણને અંતે કરવામાં આવે છે.

(બ) શિક્ષણના દરેક તબક્કે કરવામાં આવે છે.

(ક) શિક્ષણ દરમ્યાન કરવામાં આવે છે.

(ડ) શિક્ષણની શરૂઆતમાં કરવામાં આવે છે.

(૫) મૂલ્યાંકનની પ્રક્રિયાનું આરંભબિંદુ શેને ગણવામાં આવે છે ?

(અ) શૈક્ષણિક હેતુઓ

(બ) મૂલ્યાંકન પદ્ધતિઓ

(ક) શૈક્ષણિક પદ્ધતિઓ

(ડ) અધ્યયન અનુભવો

(૬) કેટલીકવાર અધ્યયન અનુભવો અસરકારક નીવડે તેવા હોવા છતાં પણ શિક્ષક આપતાં નથી કારણ,કે

(અ) શિક્ષકને પસંદ હોતા નથી.

(બ) વિદ્યાર્થીઓને પસંદ હોતા નથી.

(ક) તેવા અનુભવો આપવામાં મુશ્કેલીઓ નડે છે.

(ડ) આચાર્યને પસંદ હોતા નથી.

(૭) વિદ્યાર્થીઓના જ્ઞાન, કૌશલ્યમાં પરિવર્તન આણવાથી તેનાં વ્યક્તિત્વના કયા પાસાંનો વિકાસ થઇ શકે છે ?

(અ) બૌદ્ધિક

(બ) સામાજિક

(ક) શારીરિક

(ડ) સાંવેગિક

(૮) શિક્ષણને અંતે મૂલ્યાંકન કરવાનો શિક્ષણનો હેતુ

(અ) વિદ્યાર્થીઓને નવા અધ્યયન અનુભવો પુરા પાડવાનો છે.

(બ) શૈક્ષણિક હેતુ કેટલે અંશે સિદ્ધ થયા તે જાણવાનો છે.

(ક) વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

(ડ) વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન જાણવાનો છે.

(૯) મૂલ્યાંકનનું પરિણામ વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે

(અ) પ્રેરણા આપે છે.

(બ) દબાણ કરે છે.

(ક) અટકાવે છે.

(ડ) મદદ કરે છે.

(૧૦) મૂલ્યાંકનની પ્રક્રિયામાં શૈક્ષણિક હેતુઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, કારણ ,

(અ) તે ખૂબ સરળતાથી નક્કી થઇ શકે છે.

(બ) તેનાથી વિદ્યાર્થીઓનું શીખવાનું કાર્ય સરળ બની જાય છે.

(ક) મૂલ્યાંકનની પ્રક્રિયાના બીજા સોપાનો નક્કી કરવાનો આધાર તેના પર છે.

(ડ) શિક્ષક શિક્ષણકાર્ય સરળતાથી કરી શકે છે.

૨. નીચેનામાં ખાલી જગ્યા પૂરો :- (૪)

(૧) વિદ્યાર્થીઓનો સમગ્ર વિકાસ સાધવા માટે યોજવામાં આવતા અનુભવોને ....... ........ કહી શકાય.

(૨) વર્તન પરિવર્તનો તે વિદ્યાર્થીઓના કાર્યોના ....... છે.

(૩) વિદ્યાર્થીઓમાં નક્કી કરેલા ઇચ્છનીય પરિવર્તનો લાવવા માટે શિક્ષકે તે પ્રમાણેની ..... યોજવી જોઇએ.

(૪) શૈક્ષણિક હેતુઓ કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા તે નક્કી કરવા માટે વર્તન પરિવર્તનોની શૈક્ષણિક હેતુઓ સાથે ..... કરવી પડે.

(૫) શિક્ષણના અંતે મૂલ્યાંકન કરવાનો શિક્ષકનો એક હેતુ વિદ્યાર્થીઓએ કેટલું ....... મેળવ્યું તે જાણવાનો છે.

(૬) મૂલ્યાંકન પ્રક્રિયાનું છેવટનું ધ્યેય શૈક્ષણિક હેતુઓ સંતોષકારક રીતે સિદ્ધ થયા કે નહીં તેની ....... કરવાનું છે.

(૭) વર્તન પરિવર્તનોની સિદ્ધિનું ...... કરવાથી શૈક્ષણિક હેતુ કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા તે જાણી શકાય છે.

(૮) સતત કરવામાં આવતા મૂલ્યાંકનના પરિણામથી વિદ્યાર્થી પોતાની પ્રગતિનું ........ કરી શકે છે.

૩. માગ્યા પ્રમાણે જવાબ લખો :- (૧૨)

(૧) મૂલ્યાંકનની પ્રક્રિયાના પાંચ સોપાનો તેના ક્રમ પ્રમાણે લખો.
(૨) અધ્યયન અનુભવોના કોઇપણ ચાર પ્રકાર લખો.
(૩) શિક્ષક માટે મૂલ્યાંકનના પરિણામના બે ઉપયોગ લખો.
(૪) અધ્યયન અનુભવો આપવામાં નડતી બે મુશ્કેલીઓ.
(૫) શિક્ષણની શરુઆતમાં મૂલ્યાંકન કરવાના બે હેતુઓ.
(૬) શૈક્ષણિક હેતુઓ નકકી કરવાના ચાર આધાર.
(૭) શાળાના વિષયોમાંથી કોઇપણ એક વિષયમાં યોજી શકાય તેવી બે શૈક્ષણિક પ્રવૃત્તિઓ લખો.
(૮) સારા મૂલ્યાંકનના બે લક્ષણો લખો.

૪. (૧૧)

૧. ' શૈક્ષણિક હેતુઓ ' એટલે શું ? ( ૨ થી ૩ લીટીમાં )

૨. ' શૈક્ષણિક મૂલ્યાંકન ' ની વ્યાખ્યા આપો.

૩. શૈક્ષણિક હેતુઓ અને વર્તન પરિવર્તનો વચ્ચેનો તફાવત જણાવો. ( ૨ થી ૩ લીટીમાં )

૪. વિદ્યાર્થીના વ્યકિતત્વના કયા કયા પાસાંઓનું મૂલ્યાંકન કરવાથી સમગ્ર બાળકનું મૂલ્યાંકન થઇ શકે ?

૫. શાળામાં શિક્ષણની શરુઆતમાં, શિક્ષણ દરમ્યાન અને શિક્ષણને અંતે શેનું શેનું મૂલ્યાંકન કરવામાં આવે છે તેનું એક એક દ્રષ્ટાંત આપો.

૫. નીચે કેટલાંક ઇચ્છનીય પરિવર્તનો આપેલા છે. દરેક પરિવર્તનો સિદ્ધ કરવા માટે આપી શકાય તેવા એક એક અધ્યયન અનુભવ લખો. (૬)

વિદ્યાર્થીઓ,

૧. થર્મોમીટરનો ઉપયોગ કરી શકે.

૨. દશાંશચિહ્ન સાચી રીતે મૂકી શકે.

૩. જુદા જુદા પ્રદેશના આપેલા વરસાદના આંકડા પરથી આલેખ દોરી શકે.

૪. નકશામાં વપરાયેલા જુદા જુદા રંગો શું સૂચવે છે તે લખે.

૫. આપેલા લેખમાંથી હાસ્યરસ ઉત્પન્ન કરતા વાક્યો ઓળખી કાઢે.

૬. બેંક વ્યવહાર સમજપૂર્વક કરી શકે.

૬. નીચે 'અ' વિભાગમાં કેટલાંક હેતુઓ આપ્યા છે. 'બ' વિભાગમાં વિષયો આપ્યા છે. દરેક હેતુ કયા વિષયને બંધબેસતો છે તે 'અ' વિભાગમાં આપેલા કૌંસમાં વિષયનો અક્ષર લખી જણાવો. (૪)

| | | 'અ' | 'બ' |
|---|---|---|---|
| ( ) | ૧. | મહત્વની તારીખો, ઘટનાઓ, વ્યક્તિઓ યાદ રાખે. | (અ) માતૃભાષા |
| ( ) | ૨. | લોકશાહી સરકાર માનવીના સુખ અને પ્રગતિ માટે ઉપયોગી છે તેનું મહત્વ સમજે. | (બ) ગણિત |
| ( ) | ૩. | માપનના જુદા જુદા પ્રકાર જાણે અને યોગ્ય જગ્યાએ તેનો ઉપયોગ કરી શકે. | (ક) વિજ્ઞાન |
| ( ) | ૪. | અસરકારક મૌખિક અભિવ્યક્તિનું કૌશલ્ય ખીલવવું. | (ડ) ઇતિહાસ |
| ( ) | ૫. | કુદરતી બનાવો અને ઘટનાઓની અસરનું નિરીક્ષણ અને સમજનું કૌશલ્ય ખીલવવું. | (ઇ) નાગરીક શાસ્ત્ર |
| ( ) | ૬. | સત્યો અને માન્યતાઓ વચ્ચેનો તફાવત સમજી શકે. | (ફ) ભૂગોળ |

( ) ૭. આપેલી આકૃતિમાં કલાત્મક રીતે રંગો પુરી શકે. (ગ) ડ્રોઈંગ

( ) ૮. અર્થ ભાવગ્રહણનું કૌશલ્ય ખીલવવું.

૭. મૂલ્યાંકનની પ્રક્રિયામાં શૈક્ષણિક હેતુઓ સાથે વર્તનપરિવર્તનો, અધ્યયન અનુભવો અને મૂલ્યાંકન પ્રવિધિઓ અંતર્ગત રીતે સંકળાયેલા છે તે કોઈક એક વિષયનું દ્રષ્ટાંત લઈને સ્પષ્ટ કરો. (૮)
( ૧૫ થી ૨૦ લીટીમાં )

## જવાબો

પ્રશ્ન-૧

| | | | |
|---|---|---|---|
| ૧ | અ | ૬ | ક |
| ૨ | ક | ૭ | અ |
| ૩ | ડ | ૮ | બ |
| ૪ | બ | ૯ | અ |
| ૫ | અ | ૧૦ | ક |

પ્રશ્ન-૨

(૧) અધ્યયન અનુભવ
(૨) સ્પષ્ટીકરણ
(૩) શૈક્ષણિક પદ્ધતિ
(૪) સરખામણી
(૫) જ્ઞાન
(૬) ચકાસણી
(૭) માપન
(૮) મૂલ્યાંકન

પ્રશ્ન-૩

(૧) (અ) વિષયશિક્ષણના હેતુઓ નક્કી કરવા
(બ) વર્તન પરિવર્તનોનું પૃથક્કરણ કરવું
(ક) અધ્યયન અનુભવો પૂરા પાડવા
(ડ) મૂલ્યાંકન પ્રવિધિઓ નક્કી કરવી
(ઈ) ચકાસણી

(૨) (અ) પરીક્ષા
(બ) પ્રત્યક્ષ
(ક) આયોજિત
(ડ) શાળા બહારના

(૩) (અ) શિક્ષક પોતાની શીખવવાની પદ્ધતિનું મૂલ્યાંકન કરી તે અસરકારક છે કે નહીં તે જાણી શકે છે.
(બ) મૂલ્યાંકનના આધારે શીખવવાની પદ્ધતિમાં ફેરફાર કરવાનું માર્ગદર્શન મેળવે છે.

(૪) (અ) સમય, પૈસા અને સાધનસામગ્રીનો અભાવ

(બ) આચાર્યનું વલણ

(૫) (અ) વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી

(બ) નવો એકમ શીખવવાની શરૂઆત કરવા માટેનું માર્ગદર્શન મેળવવા.

(૬) (અ) વિદ્યાર્થીઓની કક્ષા

(બ) હેતુનું સ્વરુપ

(ક) વિષયનું સ્વરુપ

(ડ) વ્યક્તિગત જરુરિયાતો

(૭) ભાષાના વિષયમાં શિક્ષક,

વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરે

સારા વકતાઓને બોલાવીને વાર્તાલાપનું આયોજન કરે.

(૮) (અ) મૂલ્યાંકન સતત ચાલતી પ્રક્રિયા છે

(બ) મૂલ્યાંકન સમગ્રાત્મક છે.

પ્રશ્ન-૪

૧ (અ) શૈક્ષણિક હેતુઓ એટલે વિદ્યાર્થીઓમાં લાવવાના ઇચ્છનીય પરિવર્તનોનું સ્પષ્ટીકરણ.

૨ (બ) શૈક્ષણિક મૂલ્યાંકન તે શૈક્ષણિક હેતુઓ કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા તે નકકી કરવાની પ્રક્રિયા.

૩ (ક) શૈક્ષણિક હેતુઓ શિક્ષકે શું શીખવવું તે નકકી કરે છે વર્તનપરિવર્તનો વિદ્યાર્થીઓ શિક્ષણ લીધા પછી શું શીખશે તે નકકી કરે છે.

૪ (ક) :૧: બૌદ્ધિક :૩: સામાજિક

:૨: શારીરિક :૪: માનસિક

૫ (ઈ)

શિક્ષણની શરુઆતમાં શિક્ષક વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનું મૂલ્યાંકન કરે છે. દા.ત.ભૂગોળમાં ઋતુઓનો એકમ શીખવવા, શરુઆતમાં તે અંગેનું તેમનું પૂર્વજ્ઞાન જાણવા, પૃથ્વીના પરિભ્રમણને લગતા પ્રશ્નો પછી તેઓનું મૂલ્યાંકન કરશે. ત્યારપછી ઋતુઓ વિશે શીખવતા, વચ્ચે વચ્ચે પ્રશ્નો પુછી વિદ્યાર્થીઓ સમજી શકે છે કે નહીં તેનું મૂલ્યાંકન કરશે. શિક્ષણના અંતે વિદ્યાર્થીઓ ઋતુઓ વિશે કેટલું સમજ્યા ઋતુઓની આકૃતિ દોરી શકે છે કે કેમ વગેરે જેવા શિક્ષણના હેતુ કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા તેનું મૂલ્યાંકન કરશે.

પ્રશ્ન-૫

૧. વિદ્યાર્થીઓને થર્મોમીટર આપી ટેમ્પરેચર માપવા કહેશે.

૨. દશાંશચિહ્ન જુદી જુદી જગ્યાએ મૂકવાથી રકમમાં શું ફેર પડે છે તેની સમજ આપશે અને તેની મહાવરો આપવા તે પ્રમાણેના દાખલા ગણવા આપશે.

૩. વરસાદ વિશે શીખવ્યા પછી જુદા જુદા સ્થળના અને વર્ષના વરસાદના આંકડાનો કોઠો બનાવી તેનો આલેખ દોરી બતાવશે.

૪. નકશા પુરવામાં નદી, પર્વત, ઉચ્ચ પ્રદેશ વિગેરે માટે કયા ચોકકસ રંગ વાપરવા તેની સમજ આપશે, તેમજ નકશામાં પુરી બતાવશે.

૫. પાઠ શીખવતી વખતે હાસ્ય ઉત્પન્ન કરતા વાક્યો કે શબ્દો વિશે નિર્દેશ કરશે, તથા તે પ્રમાણેના અન્ય ઉદાહરણો આપશે.

૬. બેન્કમાં લઇ જઇ ત્યાંની કાર્યવાહી વિશે સમજ આપશે. ચેક ભરવા, બેન્કમાં પૈસા ભરવા કે ઉપાડવા માટેના અનુભવ આપશે.

પ્રશ્ન-૬

| | |
|---|---|
| (૧) ક | (૫) ફ |
| (૨) ઇ | (૬) ક |
| (૩) બ | (૭) ગ |
| (૪) અ | (૮) અ |

પ્રશ્ન-૭

મૂલ્યાંકન પ્રક્રિયામાં શૈક્ષણિક હેતુઓ આરંભ ગણાય છે. તેના આધારે જ બીજા સોપાનો નક્કી થાય છે. દા.ત.ગુજરાતીમાં કાવ્ય શીખવવાનો શિક્ષકનો શૈક્ષણિક હેતુ 'વિદ્યાર્થીઓ કાવ્યનો આસ્વાદ માણે' તે છે. આ હેતુ પ્રમાણે શિક્ષક વર્તનપરિવર્તનો નક્કી કરશે કે, વિદ્યાર્થીઓ કાવ્યનો ભાવ સમજે, કાવ્ય સુંદર રાગે ગાઇ શકે, કાવ્યમાં વપરાયલા અલંકારો ઓળખી શકે તેમજ વિશિષ્ટ શબ્દોના અર્થ સમજે. આ વર્તનપરિવર્તનો કાવ્યનો આસ્વાદ માણવના શૈક્ષણિક હેતુને આધારે નક્કી કરવામાં આવ્યા. આવા વર્તનપરિવર્તનો લાવવા માટે શિક્ષકે તે પ્રમાણે શીખવવું પડે અથવા અધ્યયન અનુભવો આપવા પડે. શિક્ષક તે માટે કાવ્ય સુંદર રાગે ગાઇ બતાવશે તેમજ વિદ્યાર્થીઓને ગાવાનો મહાવરો આપશે, કાવ્યનો ભાવ સમજાવશે, અલંકારો ઓળખાવશે, અને શબ્દોના અર્થ આપશે. આ બધા અધ્યયન અનુભવો જે પ્રમાણે વર્તનપરિવર્તનો લાવવાના હતા તે પ્રમાણે આપવામાં આવ્યા. હવે વિદ્યાર્થીઓ સુંદર રાગે ગાઇ શકે છે કેમ, તે જાણવા વિદ્યાર્થીઓને કાવ્ય ગાવા કહેશે. ભાવાર્થ કેટલા પ્રમાણમાં સમજ્યા છે તે જાણવા ૫ થી ૧૦ લીટીમાં ભાવાર્થ લખવા કહેશે. કાવ્યમાં કયા કયા અલંકારો વપરાયા છે તે નોંધવા કહેશે. અહીં શિક્ષક મૌખિક તેમજ લેખિત મૂલ્યાંકન પ્રવિધિ દ્વારા વિદ્યાર્થીઓમાં કેટલા પ્રમાણમાં વર્તનપરિવર્તનો લાવી શકાયા તે નક્કી કરી શકશે. આ મૂલ્યાંકન પ્રવિધિઓ વર્તનપરિવર્તનો અને આપેલા અધ્યયન અનુભવો પ્રમાણે નક્કી કરવામાં આવી. આ રીતે આખી પ્રક્રિયા શૈક્ષણિક હેતુથી મૂલ્યાંકન પ્રવિધિ સુધીની એક બીજાને આધારે નક્કી થતી હોવાથી, અંતર્ગત રીતે સંકળાયેલી છે.

નામ :- .......                                                    રોલ નંબર :- ....

-: એકમ કસોટી ૨ :-

ગુણ

પ્રશ્ન-૧ નીચેની ખાલી જગ્યા પૂરો :- (૪)

૧. એક અંતિમ હેતુ સિદ્ધ કરવા અનેક ....... હેતુઓ સિદ્ધ કરવા પડે.

૨. હેતુઓને અપેક્ષિત ધોરણ પ્રમાણે રજૂ કરવાથી હેતુ કેટલા પ્રમાણમાં ....... થયો તે જાણી શકાય.

૩. વર્તન હેતુઓ ....... હેતુઓ નક્કી કરવાનું પગથિયું છે.

૪. ભાવાત્મક ક્ષેત્રના હેતુઓ વિદ્યાર્થીઓના .....વર્તનો રજૂ કરે છે.

૫. શક્તિ વિકસાવવાનો, કે કૌશલ્યો કેળવવાનો હેતુ, અનેક વિશિષ્ટ હેતુઓનું સામાન્ય સ્વરૂપ રજૂ કરે છે. તેથી આ પ્રમાણે રજૂ કરાયેલા હેતુઓને ...... હેતુઓ કહેવાય.

૬. વિદ્યાર્થીઓના માનસિક-શારીરિક વર્તનો બ્લૂમના વર્ગીકરણના ....... ક્ષેત્રના હેતુઓ દ્વારા રજૂ કરી શકાય.

૭. શૈક્ષણિક હેતુઓને વિદ્યાર્થીઓના વર્તનપરિવર્તનના સ્પષ્ટીકરણ સ્વરૂપે રજૂ કરવાથી હેતુઓનું ચોકકસ ..... થઇ શકે છે.

૮. બ્લૂમના હેતુઓના વર્ગીકરણમાં હેતુઓને ....... ક્રમ પ્રમાણે ગોઠવ્યા છે, જેથી દરેક ક્ષેત્રના હેતુઓનું અપેક્ષિત ધોરણ સમજી શકાય.

પ્રશ્ન-૨ માગ્યા પ્રમાણે જવાબ આપો :- (૧૨)

૧. હેતુઓ સ્પષ્ટ સ્વરૂપે રજૂ કરવાના બે સિદ્ધાંત લખો.

૨. જ્ઞાનાત્મક ક્ષેત્રના હેતુઓને તેના વિકાસાત્મક ક્રમ પ્રમાણે લખો.

૩. હેતુઓને સ્પષ્ટ અને અસ્પષ્ટ સ્વરૂપે રજૂ કરતા ત્રણ ત્રણ શબ્દપ્રયોગો લખો.

૪. નીચે આપેલા હેતુઓની બબ્બે તફાવત લખો.

(અ) સામાન્ય, વિશિષ્ટ

(બ) તાત્કાલિક, અંતિમ

પ્રશ્ન-૩ નીચે કેટલાંક હેતુઓ અસ્પષ્ટ સ્વરુપે રજૂ કરવામાં આવ્યા છે. તેને વિદ્યાર્થી વર્તનપરિવર્તનોમાં સમજી શકાય તે પ્રમાણે સ્પષ્ટ સ્વરુપે લખો. ( ૫ )

૧. વિદ્યાર્થીઓની ગણિતમાં નફોતોટો, વ્યાજની ગણતરી કરવાની શકિત વિકસે.

૨. જુદા જુદા વૈજ્ઞાનિક નિયમો સમજી શકે.

૩. મરાઠી સત્તાની પડતીના કારણો જાણે.

૪. કાવ્યમાં વપરાયલા જુદા જુદા અલંકારો સમજી શકે.

૫. લેખકે પાઠમાં કરેલા કટાક્ષ માણી શકે.

પ્રશ્ન-૪ નીચે જુદા જુદા વર્તનો આપ્યા છે. તે જુદા જુદા ત્રણ ક્ષેત્રના હેતુઓ પ્રમાણે છે. દરેક વર્તન કયા ક્ષેત્રનો હેતુ બતાવે છે, તે તેની આગળ આપેલા ચોરસમાં જ્ઞા, ભા, અથવા કિ અક્ષર લખી જણાવો. વિદ્યાર્થીઓ, ( ૩ )

૧. આપેલા પારિભાષિક શબ્દોની યાદીમાંથી ભૂગોળ, વિજ્ઞાન અને ઇતિહાસના પારિભાષિક શબ્દો ઓળખી જુદા પાડે છે.

૨. દેશ નેતાઓના જીવનચરિત્ર વાંચતા શૌર્યભાવ અનુભવે છે.

૩. આપેલા સ્થળોના અક્ષાંશના આધારે તે સ્થળો વિશેની આબોહવા લખી શકે.

૪. જુદા જુદા દેશના લોકોના મકાનના ચિત્રો દોરે છે.

૫. સૃષ્ટિસૌંદર્યના કાવ્યો વાંચવાનું વધુ પસંદ કરે છે.

૬. ઉષ્ણતામાન, હવાનું દબાણ માપવાનાં સાધનોનો ઉપયોગ કરી તેની દૈનિક નોંધ કરે છે.

પ્રશ્ન-૫ કોઇ એક વિષયમાં જ્ઞાનાત્મક ક્ષેત્રના વિકાસાત્મક ક્રમ પ્રમાણે ૬ કક્ષાના એક એક હેતુ લખો - દરેક હેતુની સામે તે હેતુ જે કક્ષાનો હોય તેનું નામ લખો. (૯)

પ્રશ્ન-૬ નીચે કેટલાંક હેતુઓ આપ્યા છે. અને કૌંસમાં હેતુઓના પ્રકાર આપ્યા છે. તેમાંથી જે એક પ્રકાર હેતુને લાગુ પડતો ન હોય તેની ઉપર ચોકડી ( X ) કરો.

૧. વિદ્યાર્થીઓ ભારતના રેખા નકશામાં નદીઓ પૂરી શકે.
(વિશિષ્ટ, તાત્કાલિક, અંતિમ)

૨. વિદ્યાર્થીઓ હિન્દી સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવશે.
( વિશિષ્ટ, અંતિમ, સામાન્ય )

૩. વિદ્યાર્થીઓ શરીરના જુદા જુદા ભાગના હાડકાંના નામ લખે.
(વર્તન, અંતિમ, વિશિષ્ટ)

૪. શિક્ષક અંગ્રેજીનો પાઠ શીખવતા તેમાં આવતા નવા શબ્દોના પર્યાય શબ્દો આપશે.
( શૈક્ષણિક, વિશિષ્ટ, સામાન્ય )

પ્રશ્ન-૭ નીચે એક હેતુ આપેલો છે. તે હેતુનું વિદ્યાર્થીઓના વર્તનપરિવર્તનોમાં પૃથક્કરણ કરી શકાય તેવા ત્રણ વર્તન પરિવર્તનો લખો. (૩)
હેતુ:-વિદ્યાર્થીઓની મૌખિક વાચનશકિતનો વિકાસ કરવો.

પ્રશ્ન-૮ નીચે રજૂ કરવામાં આવેલા હેતુઓમાં, (૫)

(૧) જો હેતુ વર્તનપરિવર્તનોનુ સ્પષ્ટીકરણ કરતો હોય તો અ આગળ ✓ નું ચિહ્ન કરો અને ન કરતો હોય તો X નું ચિહ્ન કરો.

(૨) જો હેતુ અપેક્ષિત ધોરણ બતાવતો હોય તો બ આગળ ✓ નું ચિહ્ન કરો અને ન બતાવતો હોય તો X નું ચિહ્ન કરો.

| હેતુઓ | અ | બ |
|---|---|---|
| (૧) વિદ્યાર્થીઓ તેઓના લખાણમાં વિવિધ રુઢિપ્રયોગોનો ઉપયોગ કરી શકે. | ...... | ...... |
| (૨) શીખવેલા અંગ્રેજી ભાષાના નવા શબ્દોમાંથી ૨૦ શબ્દોનો વાક્યોમાં ઉપયોગ કરી શકે. | ...... | ...... |
| (૩) વિદ્યાર્થીઓ ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે માનવજીવન ઘડાય છે તે સમજી શકે. | ...... | ...... |
| (૪) કાવ્યનો કરુણભાવ માણી શકે, તેમજ કાવ્યમાં વપરાયલા કરુણભાવ ઉત્પન્ન કરતા ૧૦ શબ્દો લખી શકે. | ...... | ...... |
| (૫) વિજ્ઞાનમાં શીખેલા ૫ સિદ્ધાંતોનો ઉપયોગ કરી શકે તેવી ૫ પરિસ્થિતિના દૃષ્ટાંત આપી શકે. | ...... | ...... |

પ્રશ્ન-૯ નીચે ક્રિયાત્મક અને ભાવાત્મક ક્ષેત્રના હેતુઓ આપ્યા છે બંને ક્ષેત્રના હેતુઓ જુદા પાડી તેમના ક્રમ પ્રમાણે લખો. (૫)

માર્ગદર્શન પ્રમાણે વર્તન
પ્રતિચાર આપવો
મૂલ્ય ગોઠવવું.
ધ્યાન કેન્દ્રિત કરવું
પ્રભુત્વ મેળવવું
મૂલ્ય આંકવું.
કાર્ય પ્રણાલી શીખી જવી.
ચારિત્ર્યગઠન
ધ્યાનમાં લેવું
પ્રત્યક્ષીકરણ.

## જવાબો

પ્રશ્ન-૧

| | |
|---|---|
| ૧ તાત્કાલિક | ૫ સામાન્ય |
| ૨ સિદ્ધ | ૬ ક્રિયાત્મક |
| ૩ શૈક્ષણિક | ૭ મૂલ્યાંકન |
| ૪ આંતરિક | ૮ વિકાસાત્મક |

પ્રશ્ન-૨

૧. (અ) હેતુઓ વિદ્યાર્થીઓના વર્તનપરિવર્તનમાં નિરીક્ષણ કરી શકાય તે સ્વરુપે રજૂ કરવા જોઇએ.

(બ) હેતુઓ વિદ્યાર્થીઓના વર્તનનું અપેક્ષિત ધોરણ બતાવે તે સ્વરુપે રજૂ કરવા જોઇએ.

૨. (અ) જ્ઞાન (ઇ) સંયોજન

(બ) સમજ (ફ) મૂલ્યાંકન

(ક) ઉપયોગ

(ડ) પૃથક્કરણ

૩.

| સ્પષ્ટ શબ્દો | અસ્પષ્ટ શબ્દો |
|---|---|
| આકૃતિ દોરશે | જાણશે |
| જુદા પાડશે | સમજશે |
| ઓળખી કાઢશે | કદર કરશે |

૪.

| | સામાન્ય | વિશિષ્ટ |
|---|---|---|
| (અ) | અનેક વિશિષ્ટ હેતુઓનું સામાન્ય સ્વરુપ રજૂ કરે છે. | શું વિશિષ્ટ શીખવવાનું છે તેની સ્પષ્ટતા કરે છે. |
| (બ) | વિદ્યાર્થીઓના વર્તનનું સામાન્ય સ્વરુપ રજૂ કરે છે. | વિદ્યાર્થીઓના વર્તનનું વિશિષ્ટ સ્વરુપ રજૂ કરે છે. |

| તાત્કાલિક | અંતિમ |
|---|---|
| (અ) તરત સિદ્ધ થઇ શકે છે. | લાંબે ગાળે સિદ્ધ થાય છે. |
| (બ) કોઇપણ વિશિષ્ટ ધ્યેયતરત સિદ્ધ થઇ શકે તે પ્રમાણે નક્કી કરી શકાય છે. | અનેક તાત્કાલિક હેતુઓનું અંતિમ ધ્યેય બતાવે છે. |

પ્રશ્ન-૩

૧. વિદ્યાર્થીઓ નફો તોટો અને વ્યાજના દાખલા ગણી શકે.

૨. આપેલી પરિસ્થિતિ પ્રમાણે કયો વૈજ્ઞાનિક નિયમ લાગુ પડશે તે કહી શકે.

૩. મરાઠી સત્તાની પડતીના ૪ કારણો લખે.

૪. કાવ્યમાં વપરાયલા અલંકારોના નામ લખી શકે.

૫. લેખકે પાઠમાં વાપરેલા કટાક્ષના વાક્યો ઓળખીને લખી શકે.

પ્રશ્ન-૪

| | | | |
|---|---|---|---|
| ૧ | જ્ઞા | ૪ | ક્રિ |
| ૨ | ભા | ૫ | ભા |
| ૩ | જ્ઞા | ૬ | ક્રિ |

પ્રશ્ન-૫ શિક્ષક ભૂગોળમાં અક્ષાંશ-રેખાંશનો એકમ શીખવવા વિકાસાત્મક ક્રમ પ્રમાણે નીચેના હેતુઓ નક્કી કરી શકે.

વિદ્યાર્થીઓ,

જ્ઞાન : અક્ષાંશ-રેખાંશની સંકલ્પના વિશે જ્ઞાન મેળવે

સમજ : આપેલા નકશામાંથી અક્ષાંશ-રેખાંશ શોધી શકે, તેમજ નકશામાં અક્ષાં-રેખાંશ પુરી શકે.

ઉપયોગ : અક્ષાંશ-રેખાંશના મેળવેલા જ્ઞાનને આધારે કોઇપણ સ્થળની આબોહવા વિશે અનુમાન કરી લખી શકે, કોઇપણ સ્થળના સમયની માહિતી આપી શકે.

પૃથક્કરણ : જુદા જુદા સ્થળની આપેલી આબોહવાનું આપેલા જુદા જુદા અક્ષાંશ પ્રમાણે પૃથક્કરણ કરી શકે. જુદા જુદા સ્થળના આપેલા સમયનું, આપેલા રેખાંશ પ્રમાણે પૃથક્કરણ કરી શકે.

સંયોજન : જુદા જુદા સ્થળના આપેલા અક્ષાંશ પરથી તે સ્થળો કયા કયા કટિબંધમાં આવેલા છે તે લખી શકે.

મૂલ્યાંકન : અક્ષાંશ-રેખાંશના જ્ઞાનનો કયાં કયાં યોગ્ય ઉપયોગ કરી શકે છે તે પોતે જાણી શકે.

પ્રશ્ન-૬

| | | | |
|---|---|---|---|
| ૧ અંતિમ | (X) | ૩ અંતિમ | (X) |
| ૨ વિશિષ્ટ | (X) | ૪ સામાન્ય | (X) |

પ્રશ્ન-૭

૧. વિદ્યાર્થીઓ વિરામચિહ્નનોનો ઉપયોગ કરી વાચન કરે

૨. વિદ્યાર્થીઓ શુદ્ધ ઉચ્ચાર કરે

૩. વિદ્યાર્થીઓ ભાવવાહી વાચન કરે.

પ્રશ્ન-૮

| | અ | બ |
|---|---|---|
| ૧ | ✓ | X |
| ૨ | ✓ | ✓ |
| ૩ | X | X |
| ૪ | X | ✓ |
| ૫ | ✓ | ✓ |

પ્રશ્ન-૯

| ભાવાત્મક | ક્રિયાત્મક |
|---|---|
| ધ્યાનમાં લેવું | પ્રત્યક્ષીકરણ |
| પ્રતિચાર આપવો | ધ્યાન કેન્દ્રિત કરવું |
| મૂલ્ય આંકવું | માર્ગદર્શન પ્રમાણે વર્તન |
| મૂલ્યો ગોઠવવું | કાર્ય પ્રણાલી શીખી જવી |
| ચારિત્ર્ય ગઠન | પ્રભુત્વ મેળવવું |

નામ :- ............ રોલ નંબર :- .....

-: એકમ કસોટી ૩ :-

નીચે કેટલાક વિધાનો કે પ્રશ્નો આપ્યા છે. તેની નીચે તેના શકય જવાબો આપ્યા છે, જે જવાબ સૌથી યોગ્ય લાગે ત્યાં ✓ નું નિશાન કરો.

ગુણ

પ્રશ્ન-૧ (૧) શિક્ષકે કયા પ્રકારની પરીક્ષા પધ્ધતિનો ઉપયોગ કરવો તેના આધાર. (૪)

અ. શિક્ષકને કઇ પધ્ધતિ વધુ ફાવે છે તેના પર છે.

બ. કયા વિષયનું જ્ઞાન માપવાનું છે તેના પર છે.

ક. કયા સ્વરુપનું કાર્ય માપવાનું છે તેના પર છે.

ડ. શાળામાં કેવા પ્રકારની અનુકૂળતા છે તેના પર છે.

(૨) મૂલ્યાંકનની કોઇપણ એક પ્રવિધિથી વિધાર્થીઓના

અ. બધાંજ પાસાંઓનું મૂલ્યાંકન થઇ શકે છે.

બ. કેટલાંક પાસાંઓનું મૂલ્યાંકન થઇ શકે છે.

ક. એક જ પાસાનું મૂલ્યાંકન થઇ શકે છે.

ડ. એક પણ પાસાંનું મૂલ્યાંકન થઇ શકતું નથી.

(૩) જે સિધ્ધિનું સંખ્યાત્મક માપન ન થઇ શકે.

અ. તે સિધ્ધિનું મૂલ્યાંકન થઇ શકે નહીં.

બ. તે સિધ્ધિનું ગુણાત્મક મૂલ્યાંકન થઇ શકે.

ક. તે સિધ્ધિના મૂલ્યાંકનનું મહત્વ નથી.

ડ. તે સિધ્ધિનું મૂલ્યાંકન સંપૂર્ણ બની શકે નહીં.

(૪) માપન તે મૂલ્યાંકન નથી કારણ કે

અ. તેમાં સિધ્ધિને અન્ય સિધ્ધિ સાથે સરખાવી મૂલ્ય નકકી કરવામાં આવતું નથી.

બ. તેમાં વિધાર્થીઓની સિધ્ધિ જાણી શકાતી નથી.

ક. તેમાં વિધાર્થીઓનું ફકત ગુણાત્મક માપન થઇ શકે છે.

ડ. તેમાં ફકત જ્ઞાન પરિવર્તનો માપી શકાય છે.

પ્રશ્ન-૨ નીચેની ખાલી જગ્યામાં યોગ્ય શબ્દો મૂકો :- (૫)

૧. જે મૂલ્યાંકન પ્રવિધિથી વિદ્યાર્થીઓ વિશેની માહિતી તેમના પોતાના વૃત્તાંત દ્વારા જાણી શકાય છે, તેને ..... પ્રવિધિ કહે છે.

૨. કોઇપણ કસોટીમાં ૧૦૦ કે ૫૦ કુલ પ્રાપ્તાંક વિદ્યાર્થીઓની સિદ્ધિનું ..... ધોરણ રજૂ કરે છે.

૩. સંપૂર્ણ મૂલ્યાંકન એટલે ...... ........ મૂલ્ય નક્કી કરવું તે.

૪. નિરીક્ષણ પ્રવિધિમાં વિદ્યાર્થીઓ કાર્ય કરે ત્યારેજ ..... કરીને તેઓના વર્તન પરિવર્તનોનું મૂલ્યાંકન કરી શકાય છે.

૫. જે સિદ્ધિઓનું માપન થઇ શકે તેની રજૂઆત ..... રીતે કરવામાં આવે છે. જયારે જે સિદ્ધિઓનું માપન થઇ શકતું નથી તેની રજૂઆત ...... રીતે કરવામાં આવે છે.

૬. ....... મૂલ્યાંકનમાં માપી શકાય અને ન માપી શકાય તેવા બધાજ પાસાંઓને આવરવા પડે.

૭. સંખ્યાત્મક માપન તે સંપૂર્ણ મૂલ્યાંકન નથી પરંતુ ચોકકસ મૂલ્યાંકન માટેનું એક ........ છે.

૮. પરીક્ષા પદ્ધતિમાં વિદ્યાર્થીઓના કાર્યનું મૂલ્યાંકન તેઓએ રજૂ કરેલા ...... ના આધારે કરવામાં આવે છે.

પ્રશ્ન-૩ ૧. માપન અને મૂલ્યાંકનના ત્રણ તફાવત લખો (૧૦)

૨. શાળામાં મૂલ્યાંકનની કઇ ત્રણ પ્રવિધિઓ વાપરવામાં આવે છે?

૩. પરીક્ષા અને નિરીક્ષણ પ્રવિધિ વચ્ચેના બે તફાવત જણાવો.

૪. નિરીક્ષણ પ્રવિધિ દ્વારા મૂલ્યાંકન કરવાની પદ્ધતિના બે પગથિયા લખો.

પ્રશ્ન-૪ નીચે કેટલીક વિદ્યાર્થીઓની સિદ્ધિ રજૂ કરેલી છે. તેમાંથી જેનું સંખ્યામાં માપન થઇ શકે તેમ હોય તેની આગળ ✓ નું ચિહન કરો. અને જેનું માપન ન થઇ શકે તેમ હોય તેની આગળ X નું ચિહન કરો. (૫)

૧. વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષય પ્રત્યેની રસ .

૨. આકૃતિ દોરવાનું કૌશલ્ય.

૩. વિજ્ઞાનમાં કેટલીક સંકલ્પનાઓની સમજ

૪. બીજા વિદ્યાર્થીઓ સાથેનું અનુકૂલન.

૫. ભૂગોળના વિષયમાં કાર્યકરણના સંબંધો વિશેનું જ્ઞાન.

પ્રશ્ન-૫ ૧. પરીક્ષા પદ્ધતિના ત્રણેય પ્રકારની પરીક્ષાના બબ્બે લક્ષણ લખો. (૬)

૨. વિદ્યાર્થીઓનું સમગ્રાત્મક મૂલ્યાંકન કરવા માટે ત્રણેય પ્રવિધિઓને પૂરક બનાવીને શા માટે ઉપયોગ કરવો જોઇએ ? ( ૫ થી ૬ લીટીમાં જવાબ લખો ) (૫)

પ્રશ્ન-૬ નીચે વિદ્યાર્થીઓના વિકાસના જુદા જુદા પાસાંઓ આપ્યા છે. તે દરેક પાસાનું મૂલ્યાંકન કરવા જે પ્રવિધિ યોગ્ય હોય તેનું નામ તેની સામે લખો :- (૫)

૧. જ્ઞાન

૨. રસ

૩. કૌશલ્યો

૪. વલણ

૫. બુદ્ધિ

પ્રશ્ન-૭ નીચે કેટલાક માપન અને મૂલ્યાંકનના લક્ષણો રજૂ કરતા દ્રષ્ટાંતો આપ્યા છે જે દ્રષ્ટાંત બે માંથી જેને લાગુ પડતું હોય તે પ્રમાણે તેની આગળ માપન કે મૂલ્યાંકન લખો. (૫)

૧. ગણિતના ગણેલા દાખલાને પ્રાપ્તાંક આપવામાં આવે છે.

૨. વિદ્યાર્થીઓની વિષય સિદ્ધિ ઉપરાંત તેના રસ, વલણ પણ જાણવામાં આવે છે.

૩. વિદ્યાર્થીઓની સિદ્ધિ માપવા માટે નક્કી કરેલા સમયે પરીક્ષા લેવામાં આવે છે.

૪. કાર્ય કરવાના કૌશલ્યને બીજા વિદ્યાર્થીઓના કૌશલ્ય કરતા સારુ કે ઉતરતું છે તે નક્કી કરવામાં આવે છે.

૫. વિદ્યાર્થીઓનો બુદ્ધિઅંક જાણવા બુદ્ધિ કસોટી આપવામાં આવે છે.

પ્રશ્ન-૮ નીચે જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરી મૂલ્યાંકન કરી શકાય તેવી કેટલીક પરિસ્થિતિ રજૂ કરી છે. દરેક પરિસ્થિતિ પ્રમાણે કઇ મૂલ્યાંકન પ્રવિધિનો ઉપયોગ યોગ્ય બને તેનું નામ લખો. (૫)

૧. શિક્ષક વિદ્યાર્થીઓને વર્ગમાં હિન્દીમાં નીચે બિન્દીવાળા શબ્દોના ઉચ્ચાર બરાબર કરી શકે છે તે જાણવા માગે છે. માટે બીજા કેટલાક શબ્દોના ઉચ્ચાર કરવા કહે છે.

૨. વિદ્યાર્થીઓને હાઇડ્રોજન વાયુ બનાવવાનો પ્રયોગ કેમ કરવો તે શીખવે છે. પછી વિદ્યાર્થીઓ તે પ્રયોગ કરી શકે કે નહીં તે જાણવા માગે છે. તેથી જ્યારે વિદ્યાર્થીઓ તે પ્રયોગ કરશે ત્યારે તેનું નિરીક્ષણ કરશે.

૩. કેટલાક વિદ્યાર્થીઓ સંસ્કૃતના વિષયમાં ધ્યાન આપતા નથી, કે ગૃહકાર્ય કરતા નથી. શિક્ષક તેઓના આ વિષય પ્રત્યેનું વલણ જાણવા માગે છે.

૪. ભૂમિતિમાં લંબચોરસ, ત્રિકોણ, ચોરસના લક્ષણો તેમજ આકૃતિ દોરતા શીખવાડે છે. વિદ્યાર્થીઓ યોગ્ય રીતે આકૃતિ દોરી તેના લક્ષણો લખી શકે છે કે નહિ તે જાણવા માગે છે.

૫. વર્ગમાં બે ત્રણ વિદ્યાર્થીઓ અનિયમિત આવે છે, બીજા છોકરાઓને કામમાં દખલ કરે છે, તેવી તેઓના માટે ફરિયાદ છે. આવા વિદ્યાર્થીઓ વિશે સાચી માહિતી જાણવા શિક્ષક તેઓની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરે છે.

## જવાબો

પ્રશ્ન-૧

| | |
|---|---|
| ૧ ક | ૩ બ |
| ૨ બ | ૪ અ |

પ્રશ્ન-૨

| | | |
|---|---|---|
| ૧ આત્મવૃત્તાંત | ૪ નિરીક્ષણ | ૭ સોપાન |
| ૨ અપેક્ષિત | ૫ સંખ્યાત્મક ગુણાત્મક | ૮ જવાબો |
| ૩ સંખ્યાત્મક માપન + ગુણાત્મક માપન + | ૬ સમગ્રાત્મક | |

પ્રશ્ન-૩

૧

| માપન | મૂલ્યાંકન |
|---|---|
| (૧) સંખ્યાત્મક છે. | ગુણાત્મક અને સંખ્યાત્મક છે. |
| (૨) પ્રસંગોપાત થાય છે. | સતત ચાલતી પ્રક્રિયા છે. |
| (૩) આંશિક છે. | સમગ્રાત્મક છે. |

૨ પરીક્ષા, નિરીક્ષણ, આત્મવૃત્તાંત

૩

| પરીક્ષા | નિરીક્ષણ |
|---|---|
| ૧. વિદ્યાર્થીનું કાર્ય પુરું થયા પછી તેના જવાબોના સ્વરુપે માપન થાય છે. | ૧ વિદ્યાર્થી જયારે કાર્ય કરે ત્યારે જ તેનું નિરીક્ષણ કરી માપન થાય છે. |
| ૨. ફકત સંખ્યાત્મક માપન થાય છે. | ૨ સંખ્યાત્મક તેમજ ગુણાત્મક મૂલ્યાંકન થઇ શકે છે. |

૪ ૧. વિદ્યાર્થી જયારે કાર્ય કરે ત્યારે નિરીક્ષણ કરી તેની નોંધ કરવી.

૨. નોંધ કર્યા પછી કેટલા પગથિયા બરાબર કર્યા અથવા કેટલું કાર્ય કરી શકયો તેનું મૂલ્યાંકન કરવું.

પ્રશ્ન-૪ ૧ X

૨ ✓

૩ ✓

૪ X

૫ ✓

પ્રશ્ન-૫ લેખિત પરીક્ષા : ૧ લેખિત અભિવ્યક્તિનું માપન થાય છે

૨ મોટા સમૂહની પરીક્ષા એક સાથે લઇ શકાય છે.

મૌખિક પરીક્ષા : ૧ મૌખિક અભિવ્યક્તિનું માપન થાય છે

૨ દરેક વિદ્યાર્થીની વ્યક્તિગત લેવી પડે તેથી સમય વધુ જાય છે.

પ્રાયોગિક પરીક્ષા: ૧ ક્રિયાત્મક શક્તિઓનું માપન થાય છે

૨ ભાષાની અસર પડતી નથી.

૨ વિદ્યાર્થીઓનું સમગ્રાત્મક મૂલ્યાંકન કરવા માટે તેઓનાદરેક પાસાંઓનો સમાવેશ કરવો જરૂરી છે. પરીક્ષા પદ્ધતિથી વિદ્યાર્થીના જ્ઞાન, બુદ્ધિ અને અભિવ્યક્તિનું માપન થઇ શકે. પણ તેનું કૌશલ્ય જાણવું હોય અથવા કોઇ વ્યક્તિગત પાસું જાણવું હોય તો નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કરવો પડે અને જે બાબત નિરીક્ષણ દ્વારા ન જાણી શકીએ તે વિદ્યાર્થીને સીધું પુછવાથી જાણી શકાય છે. તેને શેમાં રસ, રુચિ કે વલણ છે અથવા શી શી મુશ્કેલીઓ છે તે માટે આત્મવૃત્તાંત પદ્ધતિ જ ઉપયોગી નીવડે. જો એક જ પ્રવિધિ વાપરવામાં આવે તો તેનું બધા પાસાંઓનું મૂલ્યાંકન થઇ શકે નહિ અને મૂલ્યાંકન આંશિક બને. ત્રણેય પ્રવિધિઓના ઉપયોગથી વિદ્યાર્થીના દરેક પાસાંઓ વિશે જાણી તેનું સમગ્રાત્મક મૂલ્યાંકન કરી શકાય.

પ્રશ્ન-૬

૧ પરીક્ષા
૨ આત્મવૃત્તાંત
૩ નિરીક્ષણ
૪ આત્મવૃત્તાંત
૫ પરીક્ષા

પ્રશ્ન-૭

૧ માપન
૨ મૂલ્યાંકન
૩ માપન
૪ મૂલ્યાંકન
૫ માપન

પ્રશ્ન-૮

૧ પરીક્ષા (મૌખિક)
૨ નિરીક્ષણ
૩ આત્મવૃત્તાંત
૪ પરીક્ષા
૫ નિરીક્ષણ

નામ :- ...........                                   રોલ નંબર :- ........

## એકમ કસોટી ૪

ગુણ

પ્રશ્ન-૧. નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો :- (૧૮)

૧. નિબંધ પ્રકારના પ્રશ્નોની ત્રણ મર્યાદાઓ જણાવો.

૨. ટૂંકા જવાબ પ્રકારના પ્રશ્નોના બે લક્ષણો જણાવો.

૩. પૂર્તિ પ્રકારના પ્રશ્નોથી કઇ બે શક્તિઓનું માપન થાય છે.

૪. નિબંધ પ્રકારના પ્રશ્નોથી માપી શકાય તેવી ત્રણ ઉચ્ચ માનસિક શક્તિઓ જણાવો.

૫. ઓળખ પ્રકારના પ્રશ્નોના કયા કયા ચાર પ્રકાર છે તે જણાવો.

૬. નિબંધ પ્રકારના પ્રશ્નોનું આત્મલક્ષીપણું ઓછું કરવા માટે બે ઉપાય જણાવો (દરેક માટે ૨-૩ લીટીમાં જવાબ આપો.)

પ્રશ્ન-૨. નીચે કેટલાંક અધૂરા કથનો આપેલા છે તેના શકય જવાબો નીચે આપ્યાં છે તેમાંથી જે જવાબ સાચો હોય ત્યાં ✓ નું નિશાન કરો. (૪)

૧. નિબંધ પ્રકારના પ્રશ્નોની કેટલીક મર્યાદાઓ હોવા છતાં પણ તેને પ્રશ્નપત્રમાં રાખવા જરુરી છે, કારણ તેવા

:અ: પ્રશ્નો તૈયાર કરવા સહેલાં છે.

:બ: ઉચ્ચ માનસિક શક્તિઓ માપવા માટે ખૂબ જ યોગ્ય છે.

:ક: પ્રશ્નો તૈયાર કરવાનો ખર્ચ ઓછો આવે છે.

:ડ: પ્રશ્નો વધુ પ્રચલિત છે.

૨. સાચા ખોટા પ્રશ્નો કરતાં બહુ વિકલ્પ પ્રશ્નો વધુ ચઢિયાતા છે, કારણ તેમાં

:અ: અટકળથી જવાબ આપવાની શકયતા પ્રમાણમાં ઓછી છે

:બ: સાચો જવાબ શોધવામાં મુશ્કેલી પડે છે.

:ક: સૂચન વધુ સ્પષ્ટ આપવામાં આવે છે.

:ડ: મૂલ્યાંકન કરવું સહેલું છે.

૩. નિબંધ કસોટીઓમાં સંપૂર્ણ અભ્યાસક્રમ આવરી શકાતો નહોવાથી આવી કસોટીઓ

:અ: ઓછી વિશ્વાસનીય છે.

:બ: ઓછી ઉપયોગી બને છે.

:ક: ઓછી પ્રમાણભૂત બને છે.

:ડ: આત્મલક્ષી છે.

૪. અનાત્મલક્ષી પ્રશ્નોનું મૂલ્યાંકન વધુ વિશ્વસનીય હોય છે, કારણ

:અ: તેના જવાબ નિશ્ચિત હોય છે.

:બ: પરીક્ષક મૂલ્યાંકન કરતી વખતે વધુ કાળજી રાખે છે.

:ક: વિદ્યાર્થીઓને આવા પ્રશ્નોના જવાબ લખવા વધુ ગમે છે.

:ડ: પરીક્ષકને આવા પ્રશ્નો તપાસવા વધુ સહેલા લાગે છે.

પ્રશ્ન-૩. નીચેની ખાલી જગ્યા પૂરો :- (૪)

૧. જે પ્રશ્નમાં ઘણા વિકલ્પો આપવામાં આવ્યા હોય તેને ......... પ્રકારના પ્રશ્નો કહે છે.

૨. અનાત્મલક્ષી પ્રશ્નોના ....... પ્રકાર અને ...... પ્રકાર એમ બે પ્રકાર છે.

૩. ....... પ્રકારના પ્રશ્નને જોડકાં બનાવો અને બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોનું વિસ્તૃત સ્વરુપ પણ કહી શકાય છે.

૪. બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોમાં ઉપરના વિભાગને ....... અને નીચેના વિભાગને ....... કહેવાય છે.

૫. પૂર્તિ પ્રકારના પ્રશ્નોમાં ખાલી જગ્યામાં ...... પુરીને કે પૂછેલા ....... માટે નિશ્ચિત શબ્દ લખીને જવાબ આપવાનો હોય છે.

પ્રશ્ન-૪. નીચે કેટલાંક નિબંધ પ્રકાર અને અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નોનાં લક્ષણો આપ્યાં છે. જો લક્ષણ નિબંધ પ્રકારના પ્રશ્નને લાગુ પડતું હોય તો 'નિ' ની આસપાસ વર્તુળ કરો અને અનાત્મલક્ષી પ્રશ્નોને લાગુ પડતું હોય તો 'અ' ની આસપાસ વર્તુળ કરો. (૧૦)

નિ.અ.૧. અભ્યાસક્રમ પ્રમાણમાં ઓછો આવરી શકાય છે.

નિ.અ.૨. જવાબો નિશ્ચિત હોય છે.

નિ.અ.૩. ગપ્પા મારીને જવાબ લખી શકાય.

નિ.અ.૪. ઉચ્ચ માનસિક શક્તિઓનું માપન થઇ શકે છે.

નિ.અ.૫. ગમે ત્યારે ગમે તે પરીક્ષક તપાસે છતાં મૂલ્યાંકનમાં ફેર પડે નહીં.

નિ.અ.૬. અટકળ કરીને જવાબ લખવાની શકયતા રહે છે.

નિ.અ.૭. સારા અક્ષરો કે સારી રીતે લખવાની શક્તિની મૂલ્યાંકન પર અસર થાય છે.

નિ.અ.૮. વધુ પ્રશ્નો પૂછી શકાતા હોવાથી વધુ અભ્યાસક્રમ સમાવી શકાય છે.

નિ.અ.૯. એક જ પરીક્ષક જુદા જુદા તપાસે તો પણ મૂલ્યાંકનમાં ફેર પડે છે.

નિ.અ.૧૦. જ્ઞાનના પરિવર્તનો માપી શકાય છે.

પ્રશ્ન-૫. નીચેના પ્રશ્નોની રચના કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી એક બાબત લખો :- (૫)

:અ: જોડકાં બનાવો

:બ: બહુ વિકલ્પ

:ક: પૂર્તિ પ્રકાર

:ડ: ટૂંકા જવાબ

:ઇ: સાચા ખોટા

પ્રશ્ન-૬. (અ) કોઇપણ વિષયમાં નિબંધ પ્રકારના પ્રશ્નોના ચોકકસ બંધારણ પ્રમાણેના કોઇપણ ત્રણ પ્રશ્નો લખો. (૬)

(બ) સારી પ્રશ્નપત્ર બનાવવામાં નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ શા માટે કરવો જોઇએ તેના બે કારણો આપો. (૩)

( દરેક માટે ૨ - ૩ લીટીમાં જવાબ લખો )

## જવાબો

પ્રશ્ન-૧.

૧ (૧) પ્રશ્નોનું સ્વરુપ નિશ્ચિત અને સ્પષ્ટ ન હોવાથી મૂલ્યાંકન આત્મલક્ષી બને છે.

(૨) પ્રશ્નોના જવાબ લાંબા લખવાના હોવાથી અભ્યાસક્રમ ઓછો આવરી શકાય છે.

(૩) ગપ્પા મારીને લખવાની શકયતા રહેતી હોવાથી જ્ઞાનનું ચોકકસ માપન થઇ શકતું નથી.

૨ (૧) પ્રશ્નો સ્પષ્ટ અને નિશ્ચિત હોય છે.

(૨) પ્રશ્નનો જવાબ ટૂંકમાં,( ૪ થી ૬ લીટીમાં)લખવાનો હોવાથી વધુ અભ્યાસક્રમ આવરી શકાય છે.

૩ સમસ્યા ઉકેલ શકિત અને સ્મરણ શકિત

૪ અસરકારક ભાષાશકિત, વિગતોની ગોઠવણી અને પસંદગી કરવાની શકિત, મૌખિક અભિવ્યકિત અથવા રચનાત્મક લેખનશકિત.

૫ (અ) સાચા-ખોટા — ક બહુવિકલ્પ

(બ) જોડકાં બનાવો — ક પ્રમુખ ચાવી જોડકાં

૬ (અ) પ્રશ્નોને સ્પષ્ટ અને નિશ્ચિત બનાવવા તેઓનું ચોકકસ બંધારણ નકકી કરવું જોઇએ.

(બ) મૂલ્યાંકનમાં આત્મલક્ષીપણું ઓછું થઇ શકે માટે નમૂનારૂપ જવાબ અને ગુણાંક યોજના નકકી કરવા જોઇએ.

પ્રશ્ન-૨.

૧ બ

૨ અ

૩ ક

૪ અ

પ્રશ્ન-૩.

| | | | |
|---|---|---|---|
| ૧ | બહુવિકલ્પ | ૪ | શાખા, વિકલ્પો |
| ૨ | પૂર્તિ, ઓળખ | ૫ | શબ્દ, પ્રશ્ન |
| ૩ | પ્રમુખ ચાવી જોડકાં | | |

પ્રશ્ન-૪.

| | | | |
|---|---|---|---|
| ૧ | નિ | ૬ | અ |
| ૨ | અ | ૭ | નિ |
| ૩ | નિ | ૮ | અ |
| ૪ | નિ | ૯ | નિ |
| ૫ | અ | ૧૦ | અ |

પ્રશ્ન-૫.

અ. ઉત્તેજક કરતાં પ્રત્યુત્તરની સંખ્યા ૨-૩ વધુ હોવી જોઇએ.

બ. વિકલ્પો એકસરખા સ્વરૂપના હોવા જોઇએ.

ક. પાઠયપુસ્તકમાંથી સીધા વાકય ન લેવા જોઇએ, પ્રશ્નમાં સંદર્ભ સમજાય તેવી રીતે વાકય પૂછવું જોઇએ.

ડ. પ્રશ્નોની ભાષા સ્પષ્ટ અને નિશ્ચિત હોવી જોઇએ.

ઇ અટકળની અસર નિવારવા ખોટા વાકય સુધારીને ફરી લખવા કહેવું.

પ્રશ્ન- ૬. (અ)

અ. અકબર બાદશાહની (૧) ધર્મ નીતિ (૨) રાજ્ય કારભાર (૩) પ્રધાન મંડળ વિશે પાંચ-પાંચ લીટી લખો.

બ. 'આંધળી માનો કાગળ' કાવ્યમાં પ્રગટ થતી નીચેની બાબતો આશરે ૫-૫ લીટીમાં સમજાવો.

- માની દિકરા માટેની ચિંતા
- દિકરાની માતા પ્રત્યેની ઉદાસીનતા
- માની કરુણ પરિસ્થિતિ

ક. ભૌગોલિક પરિસ્થિતિની માનવ જીવનના ખોરાક, પોશાક, રહેઠાણ પર થતી અસર સમજાવવા બબ્બે દૃષ્ટાંત આપો.

(બ)

(૧) સારા પ્રશ્નપત્રનું એક લક્ષણ છે કે તેનાથી વિદ્યાર્થીઓમાં થતા વિવિધ પરિવર્તનોનું માપન થવું જોઇએ. નિબંધ પ્રકારના પ્રશ્નોથી ઉચ્ચ માનસિક શક્તિઓનું માપન થઇ શકે છે, જે અનાત્મલક્ષી પ્રશ્નોથી થઇ શકતું નથી. આથી વિદ્યાર્થીઓમાં થતાં વિવિધ પરિવર્તનોનું માપન કરવા માટે પ્રશ્નપત્રમાં નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવો જોઇએ.

(૨) નિબંધ પ્રકારના પ્રશ્નો કાઢવા પ્રમાણમાં સરળ છે. નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવાથી શિક્ષકને આખો પ્રશ્નપત્ર અનાત્મલક્ષી પ્રશ્નોથી કાઢવો ન પડે આથી તેટલા પ્રમાણમાં સમય અને મહેનતનો બચાવ થાય છે.

નામ :- ........... રોલ નંબર :- .....

## એકમ કસોટી ૫

ગુણ

પ્રશ્ન-૧. નીચેના માટે કયું મૂલ્યાંકનનું સાધન વાપરશો. જે સાધન યોગ્ય હોય તેનું ફક્ત નામ લખો. (૫)

૧. વિદ્યાર્થીઓના કેટલાંક લક્ષણોનું મૂલ્યાંકન કરીને શિક્ષક તેઓની ગુણવત્તા પ્રમાણે જૂથક્રમ આપે છે.

૨. વિદ્યાર્થીઓના કેટલાંક વર્તનોનું મૂલ્યાંકન કોઇ એક વખતના નિરીક્ષણ પરથી નહીં પરંતુ પ્રસંગોપાત જ્યારે જ્યારે તે બને ત્યારે નિરીક્ષણ કરવાથી થઇ શકે છે.

૩. વર્ગશિક્ષક પોતાના વર્ગમાં વિદ્યાર્થીઓ એકબીજાની સાથે કેવા સંબંધો રાખે છે તે જાણવા માગે છે.

૪. એક વિદ્યાર્થીની કેટલીક અંગત મુશ્કેલીઓ અભ્યાસમાં વિઘ્નરુપ બને છે. શિક્ષક તેને વ્યક્તિગત મળીને આ મુશ્કેલીઓ વિશેની ચોક્કસ માહિતી મેળવે છે.

૫. શિક્ષક એક શાળાના વિદ્યાર્થીઓના ઇતરવાચન વિશેના રસ, તેને માટે મળતો સમય, કયા પ્રકારના સાહિત્યનું વાંચન કરે છે. વગેરે લગતી માહિતી મેળવવા માગે છે.

પ્રશ્ન-૨. નીચે કેટલાક કથનો આપ્યા છે. જો કથન સાચું હોય તો ✓ નું નિશાન કરો અને ખોટું હોય તો X નું નિશાન કરો. જે કથન ખોટું હોય તે સુધારીને ફરી લખો. (૪)

૧. પ્રશ્નાવલિમાં આપેલા જવાબોમાંથી વિદ્યાર્થીઓ પોતાને લાગુ પડતા જવાબનો નિર્દેશ કરે તેને મુક્ત પ્રકારની પ્રશ્નાવલિ કહેવાય.

૨. ક્રમાંક માપદંડનો ઉપયોગ ફક્ત એક જ મૂલ્યાંકન પ્રવિધિ માટે નહીં પરંતુ ત્રણેય પ્રવિધિમાં કરી શકાય છે.

૩. સહજ વાતચીતમાં જ માહિતી મેળવવાની પધ્ધતિને મુક્ત મુલાકાત પધ્ધતિ કહેવાય.

૪. વિદ્યાર્થીઓનું સર્વાંગીણ મૂલ્યાંકન નોંધવાનું ઉત્તમ સાધન સામાજિકતા આલેખ પધ્ધતિ છે.

પ્રશ્ન-૩. નીચે ત્રણેય પ્રવિધિઓના મૂલ્યાંકનના સાધનો આપેલા છે. (૬)
જો સાધન.

પરીક્ષા પદ્ધતિને લગતું હોય તો તેની બાજુના કૌંસમાં 'પ' લખો.

નિરીક્ષણ પ્રવિધિને લગતું હોય તો તેની બાજુના કૌંસમાં 'નિ' લખો.

આત્મવૃત્તાંત પ્રવિધિને લગતું હોય તો તેની બાજુના કૌંસમાં 'આ' લખો.

મૂલ્યાંકનના સાધનો

( ) (૧) મુલાકાત પદ્ધતિ

( ) (૨) ચેકલિસ્ટ

( ) (૩) સિદ્ધિ કસોટીઓ

( ) (૪) ક્રમાંક માપદંડ

( ) (૫) પ્રશ્નાવલિ

( ) (૬) પ્રાસંગિક નોંધ

પ્રશ્ન-૪. (૧) સંગૃહીત પ્રગતિ પત્રકના બે ઉપયોગ લખો. (૧૦)

(૨) સંગૃહીત પ્રગતિ પત્રકમાં નોંધી શકાય તેવી પાંચ વિગતો જણાવો.

(૩) ક્રમાંક માપદંડની સરખામણીમાં ચેકલિસ્ટની કઇ મર્યાદા છે ?

(૪) નિરીક્ષણ પ્રવિધિ પ્રમાણે મૂલ્યાંકન કરવામાં નિરીક્ષકે કઇ બે બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ ?

## જવાબો

પ્રશ્ન-૧.

૧ ક્રમાંક માપદંડ

૨ પ્રાસંગિક નોંધ

૩ સામાજિકતા આલેખ

૪ મુલાકાત

૫ પ્રશ્નાવલિ

પ્રશ્ન-૨.

૧ X નિયત પ્રકારની પ્રશ્નાવલિ કહેવાય

૨ ✓

૩ ✓

૪ X સંગૃહિત પ્રગતિ પત્રક છે.

પ્રશ્ન-૩.

| | | | |
|---|---|---|---|
| ૧ | આ | ૪ | નિ |
| ૨ | નિ | ૫ | આ |
| ૩ | ૫ | ૬ | નિ |

પ્રશ્ન-૪.

૧ અ. વિદ્યાર્થી શાળામાં દાખલ થાય ત્યારથી માંડી શાળા છોડે ત્યાં સુધીની સમગ્ર માહિતીની નોંધ કરી શકાય.

બ. વિષયની પસંદગીનું તેમજ વ્યવસાયની પસંદગીનું માર્ગદર્શન આપી શકાય.

૨ (૧) વિદ્યાર્થી વિશેની સામાન્ય માહિતી

(૨) વિદ્યાર્થીની વિષયસિદ્ધિ અથવા પરીક્ષાના પરિણામની નોંધ

(૩) ઇત્તર પ્રવૃત્તિની નોંધ

(૪) રસ, વલણ, કૌશલ્ય ની નોંધ

(૫) સ્વભાવ, અનુકૂલન વિશેની નોંધ

3 ક્રમાંક માપદંડથી વિદ્યાર્થીમાં જુદા જુદા લક્ષણો કેટલા પ્રમાણમાં છે તે જાણી શકાય છે, જ્યારે ચેકલિસ્ટમાં ફક્ત લક્ષણની હયાતી છે કે કેમ તે જાણી શકાય છે.

૪ (૧) નિરીક્ષણ નિષ્પક્ષપાતી અને કાળજીપૂર્વકનું હોવું જોઇએ.

(૨) જે કૌશલ્યનું અથવા લક્ષણોનું નિરીક્ષણ કરવાનું હોય તેના મુદ્દા પહેલેથી નોંધવા જોઇએ.

નામ :- ...........                    રોલ નંબર :- ........

## એકમ કસોટી ૬

ગુણ

પ્રશ્ન-૧. નીચે કેટલાંક વિધાનો કે પ્રશ્નો આપ્યા છે. તેના શકય જવાબો તેની નીચેના વિભાગમાં આપ્યા છે. જે જવાબ સૌથી યોગ્ય હોય ત્યાં ✓ નું નિશાન કરો. (૬)

૧. જુદા જુદા પ્રકારના પ્રશ્નોનું પહેલેથી આયોજન કરીને એકત્ર કરી રાખવામાં આવે તેને શું કહેવાય ?

(અ) પ્રશ્નકાર્ડ
(બ) બ્લ્યૂપ્રિન્ટ
(ક) પ્રશ્ન ભંડોળ
(ડ) સ્પષ્ટીકરણ કોઠો

૨. સામાન્ય રીતે વ્યવહારમાં કેટલા કઠિનતા મૂલ્યવાળી કસોટી સંતોષકારક ગણાય ?

(અ) ૧૦૦ %
(બ) સરાસરી ૫૦ %
(ક) ૨૦ %
(ડ) ૫૦ %

૩. એકમ કસોટીમાં નિબંધ પ્રકારના પ્રશ્નોનું આત્મલક્ષીપણું ઘટાડવા.

(અ) નમૂનારુપ જવાબો તૈયાર કરવા જોઇએ.
(બ) બધાજ પ્રશ્નો અનાત્મલક્ષી પૂછવા જોઇએ.
(ક) આવી પરીક્ષા ખૂબ કડક રીતે લેવી જોઇએ.
(ડ) પરીક્ષકોને એક સાથે મૂલ્યાંકન કરવા બેસાડવા જોઇએ.

૪. એક ૧૦ પ્રશ્નોવાળી કસોટીમાં, ૭ માં પ્રશ્નનો જવાબ ૫૦ વિદ્યાર્થીઓમાંથી ૪૫ વિદ્યાર્થીઓને આવડયો તો તેનું કઠિનતામૂલ્ય શું આવે ?

(અ) ૧૦ %
(બ) ૪૫ %
(ક) ૧૦૦ %
(ડ) ૯૦ %

૫. સારા પ્રશ્નપત્રમાં જવાબ લખવાની પસંદગી જુદા જુદા એકમ વચ્ચે આપવી નહીં કારણ તેનાથી (૫)

(અ) તે ઓછી અનાત્મલક્ષી બને.
(બ) તે ઓછી પ્રમાણભૂત બને.
(ક) તે ઓછી ઉપયોગી બને
(ડ) તે વધુ સહેલી બને.

૬. જયારે ઉપલા જૂથના વિદ્યાર્થીઓ કરતા નીચલા જૂથના વધુ વિદ્યાર્થીઓ સાચો જવાબ લખે ત્યારે તે કસોટીનું તારવણી મૂલ્ય.

(અ) નકારાત્મક આવે
(બ) ૧ આવે
(ક) હકારાત્મક આવે
(ડ) ૦ આવે

પ્રશ્ન-૨ નીચેની ખાલી જગ્યા પૂરો :- (૫)

૧. પ્રશ્ન-પૃથક્કરણથી કસોટીમાં ......કરવાનું માર્ગદર્શન મળી શકે છે.

૨. જે કસોટી પ્રશ્નોનું તારવણીમૂલ્ય ......આવે તે બતાવે છે. કે તે પ્રશ્ન દરેક વિદ્યાર્થી માટે સરખો જ સહેલો કે અઘરો છે.

૩. પ્રાપ્તાંક સુધારણાથી વિદ્યાર્થીઓને ..... કરીને જવાબ લખવા પર કેટલેક અંશે નિયંત્રણ કરી શકાય છે.

૪. કોઈપણ કસોટીનું પ્રશ્ન-પૃથક્કરણ કરવા માટે દરેક પ્રશ્નનું ........ અને ....... શોધવું પડે.

પ્રશ્ન-૩. નીચે (અ) વિભાગમાં આપેલી વિગતોને (બ) વિભાગની યોગ્ય વિગતો સાથે જોડો. (અ) વિભાગમાં આપેલા ચોરસમાં (બ) વિભાગની બંધબેસતી વિગતનો નંબર લખો. (૫)

| (અ) | (બ) |
|---|---|
| અ. પ્રશ્નભંડોળથી | ૧. પ્રશ્ન અંગેની સંપૂર્ણ માહિતી જાણી શકાય છે. |
| બ. કઠિનતા મૂલ્યથી | ૨. વિદ્યાર્થીઓ જે જવાબ ચોક્કસ જાણતા હશે તે આપવાનું પસંદ કરશે. |
| ક. તારવણી મૂલ્યથી | ૩. કસોટીમાં મૂકેલો પ્રશ્ન અસરકારક ન હોય તો શિક્ષક બીજો પ્રશ્ન તાત્કાલિક મેળવી શકે છે. |
| ડ. પ્રશ્ન કાર્ડથી | ૪. હોંશિયાર-નબળા વિદ્યાર્થીઓની ઓળખ થઇ શકે છે. |
| ઇ. પ્રાપ્તાંક સુધારણાથી | ૫. પ્રશ્ન સહેલો કે કઠિન છે તે જાણી શકાય છે. |
| | ૬. વિદ્યાર્થીઓને અસરકારક પ્રશ્નો વિશે જાણ કરી શકાય છે. |
| | ૭. વિદ્યાર્થીઓને ઉપરના વર્ગમાં ચઢાવવાની પસંદગી કરી શકાય છે. |

પ્રશ્ન-૪. માંગ્યા પ્રમાણે જવાબ આપો :- (૧૫)

૧. એકમ કસોટીની વ્યાખ્યા આપો.

૨. બ્લ્યૂપ્રિન્ટ એટલે શું?

૩. કસોટી આપતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બે બાબત લખો.

૪. પ્રશ્ન-કાર્ડમાં લખવાની કોઇ ૫ વિગત લખો.

૫. પ્રાપ્તાંક સુધારણા માટેનું સૂત્ર લખો.

૬. કસોટી પ્રશ્નનું તારવણી મૂલ્ય જાણવાના બે ફાયદા લખો.

પ્રશ્ન-૫. સારો પ્રશ્નપત્ર બનાવવા માટે બ્લ્યૂપ્રિન્ટ શિક્ષકને કેવી રીતે ઉપયોગી બની શકે? ત્રણ ઉપયોગ લખો (દરેક ૩-૪ સી લીટીમાં લખો) (૯)

## જવાબો

પ્રશ્ન-૧.

(૧) ક (૪) ક
(૨) બ (૫) બ
(૩) અ (૬) અ

પ્રશ્ન-૨.

(૧) સુધારણા (૩) અટકળ
(૨) ૦ (૪) તારવણી મૂલ્ય, કઠિનતામૂલ્ય

પ્રશ્ન-૩.

(અ) ૩ (ડ) ૧
(બ) ૫ (ઇ) ૨
(ક) ૪

પ્રશ્ન-૪.

(૧) જે કસોટીથી શીખવાડેલા એકમ તેમજ પેટા એકમોનું તેના હેતુઓની વિવિધ કક્ષા પ્રમાણે, વિવિધ પ્રશ્નોથી મૂલ્યાંકન કરી શકાય તેને એકમ કસોટી કહેવાય.

(૨) બ્લ્યૂપ્રિન્ટ તે અભ્યાસક્રમના એકમો, વિવિધ કક્ષાના હેતુઓ અને વિવિધ પ્રકારના પ્રશ્નોનું આયોજન કરવા માટેનો પ્લાન છે.

(૩) (અ) કસોટી માટે વાપરવાના ઓરડા પૂરતા હવા ઉજાસવાળા, સ્વચ્છ અને ઘોંઘાટથી દૂર હોવા જોઇએ.

(બ) ચોરી અટકાવવા વિદ્યાર્થીઓને એકબીજાથી દૂર બેસાડી શકાય તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

અથવા (બ) કસોટી વિશેની સ્પષ્ટતા મૌખિક તેમજ લેખિત સૂચના આપી કરી લેવી જોઇએ.

(૪) (અ) હેતુ (ડ) પ્રશ્ન

(બ) એકમ (ઇ) નક્કી કરેલા ગુણ

(ક) પ્રશ્નનો પ્રકાર

(૫)

$$\text{પ્રાપ્તાંક સુધારણા} = \text{સાચા જવાબો} - \frac{\text{ખોટા જવાબો}}{\text{વિકલ્પનોની સંખ્યા} - ૧}$$

(૬)

(અ) હોંશિયાર-નબળા વિદ્યાર્થીઓને જુદા પાડી શકાય છે.

(બ) પ્રશ્ન સુધારવાનું માર્ગદર્શન મળે છે.

પ્રશ્ન-૫.

(૧) પ્રશ્નપત્રમાં શીખવાડેલા દરેક એકમની તેના ગુણભાર પ્રમાણે સમાવેશ કરી શકે છે.

(૨) દરેક એકમનું તેના હેતુ પ્રમાણે મૂલ્યાંકન કરવા કેવા પ્રકારના પ્રશ્નો પૂછવા તે નક્કી કરી શકે છે.

(૩) જુદા જુદા પ્રકારના પ્રશ્નોની સંખ્યા કેટલી રાખવી તેનું આયોજન કરી શકે છે.

આમ બ્લ્યૂપ્રિન્ટથી શિક્ષક પ્રશ્નપત્ર બનાવવામાં અભ્યાસક્રમના એકમોનો યોગ્ય સમાવેશ તેમજ મૂલ્યાંકન માટેનું આયોજન કરીને કસોટી રચના પૂર્વે તેની અસરકારકતા માટેની આગાહી કરી શકે છે.

નામ :- ............ રોલ નંબર :- ......

## સમગ્રાત્મક કસોટી

પ્રશ્ન-૧. નીચે કેટલાંક પ્રશ્નો કે અધૂરાં વિધાન આપેલા છે દરેકની નીચે તેના શકય જવાબો આપેલા છે. જે જવાબ સૌથી સાચો હોય ત્યાં આગળ ✓ નું નિશાન કરો. (૧૨)

૧. શૈક્ષણિક હેતુઓ એટલે હેતુઓ માટેના

અ. અપેક્ષિત ધોરણ
બ. શૈક્ષણિક અનુભવો
ક. ચોકકસ ધોરણ
ડ. વર્તન પરિવર્તનો

૨. શિક્ષક વિદ્યાર્થીઓને ટપાલની કાર્યવાહી વિશેની સમજ આપવા પોસ્ટ ઓફીસની મુલાકાતે લઇ જાય તો તે કયો અધ્યયન અનુભવ ગણાય ?

અ. પરોક્ષ
બ. આયોજિત
ક. પ્રત્યક્ષ
ડ. વર્ગબહાર

૩. નીચેનામાંથી કયો અધ્યયન અનુભવ ચિત્ર દોરવાનું કૌશલ્ય ખીલવવામાં ઉપયોગી નીવડે ?

અ. સારા સારા ચિત્રો જોવા
બ. ચિત્રો કેમ દોરાય તે વિશેનું સાહિત્ય વાંચવું.
ક. શિક્ષક ચિત્ર દોરે ત્યારે નિરીક્ષણ કરવું.
ડ. શિક્ષકના માર્ગદર્શન પ્રમાણે ચિત્ર દોરવા.

૪. નીચેનો કયો હેતુ ભાવાત્મક ક્ષેત્ર સાથે સંબંધિત છે ?

અ. મૂલ્યાંકન
બ. મૂલ્ય આંકવું
ક. સંયોજન
ડ. પ્રત્યક્ષીકરણ

૫. નીચેની કયો હેતુ ક્રિયાત્મક ક્ષેત્ર સાથે સંબંધિત છે ?

અ. જ્ઞાનનો ઉપયોગ
બ. પ્રતિસાર
ક. મૂલ્ય ગોઠવવું
ડ. પ્રભુત્વ મેળવવું.

૬. વિદ્યાર્થી નિબંધ લખવામાં કહેવતો કે રુઢિપ્રયોગો વાપરે તો તે ક્રિયાત્મક ક્ષેત્રનો કઇ કક્ષાનો હેતુ ગણાય ?

અ. ઉપયોગ
બ. જ્ઞાન
ક. સમજ
ડ. મૂલ્યાંકન

૭. નીચેનામાંથી કયું વિધાન સામાન્ય હેતુ માટેનું છે.

અ. શબ્દોના અર્થ આપે.
બ. કાવ્યમાં વપરાયલા અલંકારો શોધી શકે.
ક. આપેલા શબ્દોના પર્યાય (સમાનાર્થી) શબ્દો લખે.
ડ. લખવામાં તેમજ બોલવામાં યોગ્ય શબ્દોનો ઉપયોગ કરી શકે.

૮. નીચેનામાંથી કયો હેતુ વિદ્યાર્થીઓના કાર્યના સ્પષ્ટીકરણ સ્વરુપે રજૂ થયો છે.

અ. ઐતિહાસિક સ્થળનું મહત્વ સમજે.
બ. જૂના અવશેષોનો સંગ્રહ કરવાનું પસંદ કરે.
ક. જૂના અવશેષ ઓળખીને તે કઇ સંસ્કૃતિના છે તે લખે.
ડ. ઐતિહાસિક બનાવો વાંચવામાં રસ લે.

૯. જો એક પ્રશ્નનું કઠિનતા મૂલ્ય ૬૦% આવે તો તે પ્રશ્નનો જવાબ

અ. વર્ગના ૬૦% વિદ્યાર્થીઓ આપી શકે.
બ. વર્ગના ૫૦% વિદ્યાર્થીઓ આપી શકે.
ક. વર્ગમાં ફકત પ્રથમ વર્ગમાં પાસ થનાર વિદ્યાર્થીઓ આપી શકે.
ડ. વર્ગના ૬૦ વિદ્યાર્થીઓ આપી શકે.

૧૦. કસોટીમાં એક પ્રશ્નનું કઠિનતા મૂલ્ય ૧૦% આવે તો તે પ્રશ્ન

અ. સહેલો ગણાય
બ. કઠિન ગણાય
ક. વર્ગના સામાન્ય વિદ્યાર્થીને આવડે તેવો ગણાય
ડ. ને કસોટીમાં ૧૦% ગુણભાર આપ્યો ગણાય

૧૧. જયારે ઉપલા અને નીચલા જૂથના એક સરખા વિદ્યાર્થીઓ પ્રશ્નનો જવાબ સાચો લખે ત્યારે તે પ્રશ્નનું તારવણી મૂલ્ય.

અ. ૧ આવે
બ. નકારાત્મક આવે
ક. ૦ આવે
ડ. હકારાત્મક આવે

૧૨. શિક્ષક વિદ્યાર્થીઓમાં લાવવાના વર્તનપરિવર્તનોને ચોકકસ કાર્યના સ્વરુપે રજૂ કરે તો હેતુઓને શેનાં રજૂ કર્યા ગણાય ?

અ. વર્તન પરિવર્તનોમાં
બ. શૈક્ષણિક હેતુઓમાં
ક. અધ્યયન અનુભવોમાં
ડ. આ બધામાંથી એકેયમાં નહીં.

પ્રશ્ન-૨. નીચેના વાકયોમાં ખાલી જગ્યા પૂરો :-

૧. મૂલ્યાંકન તે ........ ચાલતી પ્રક્રિયા છે.

૨. શિક્ષણની શરુઆતમાં મૂલ્યાંકન કરવાનો શિક્ષકનો હેતુ વિદ્યાર્થીઓનું ....... જાણવાનો છે.

૩. મૂલ્યાંકન પ્રક્રિયામાં માપન એક ...... છે.

૪. હેતુઓનું ચોકકસ મૂલ્યાંકન કરવા માટે હેતુઓને વિદ્યાર્થીઓના વર્તનપરિવર્તનોના ........ સ્વરુપે તેમજ હેતુઓના ......... પ્રમાણે રજૂ કરવા જોઇએ.

૫. મૂલ્યાંકન પ્રક્રિયામાં ........ ને આરંભબિંદુ ગણવામાં આવે છે.

૬. નિબંધ પ્રકારના પ્રશ્નો ....... નું માપન કરવા વધુ યોગ્ય છે, જયારે અનાત્મલક્ષી પ્રશ્નો ....... ના પરિવર્તનોનું માપન કરવા વધુ યોગ્ય છે.

૭. એકમ કસોટી રચવા માટે કરવામાં આવતા આયોજનને ..... કહેવાય.

૮. જયારે એકમ, હેતુઓ અને પ્રશ્નો વિશેનું સ્પષ્ટીકરણ કરતો કોઠો તૈયાર કરવામાં આવે ત્યારે તેને ....... સ્પષ્ટીકરણ કોઠો કહેવાય.

૯. નિબંધ પ્રશ્નોની આત્મલક્ષીતા ઘટાડવા માટે દરેક પ્રશ્નના ........ જવાબો તૈયાર કરવા જોઇએ, અને મૂલ્યાંકનમાં દરેક મુદ્દા માટે .......નો ઉપયોગ કરવો જોઇએ.

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો :- (૨૧)

૧. શિક્ષક, વિદ્યાર્થી અને સંચાલકો માટે મૂલ્યાંકનના પરિણામનો એક એક ઉપયોગ લખો. ૩

૨. પ્રશ્ન-કાર્ડમાં લખવાની કોઇપણ ત્રણ વિગત લખો. ૩

૩. પ્રસંગિક નોંધનો ઉપયોગ કરી શકાય તેવા બે પ્રસંગ લખો. ૨

૪. મૌખિક અને પ્રાયોગિક કસોટીથી માપી શકાય તેવા એક એક વર્તનપરિવર્તનો લખો. ૨

૫. માપન અને મૂલ્યાંકન વચ્ચેના ત્રણ તફાવત લખો. ૩

૬. મુલાકાત અને પ્રશ્નાવલિ વચ્ચેનો એક તફાવત લખો. ૧

૭. અનાત્મલક્ષી પ્રશ્નોના બે ફાયદા લખો. ૨

૮. સારા પ્રશ્નપત્રમાં ત્રણેય પ્રકારના પ્રશ્નોનો સમાવેશ શા માટે કરવો જોઇએ તેના ત્રણ કારણો આપો. ૩

૯. હેતુઓનું અપેક્ષિત ધોરણ સ્પષ્ટ કર્યું હોય તેવા બે હેતુઓ લખો. ૨

પ્રશ્ન-૪. મૂલ્યાંકનની ત્રણ પ્રવિધિઓ કઇ કઇ ? દરેક પ્રવિધિના મૂલ્યાંકનના સાધન તરીકે શેનો શેનો ઉપયોગ કરશો તે કોઠો બનાવીને લખો. આ સાધનોમાંથી વિદ્યાર્થીઓની નીચેની શક્તિઓનું મૂલ્યાંકન કરવા જે સાધનનો ઉપયોગ કરી શકો તેનો એક એક નમૂનો તૈયાર કરો. (૧૪)

૧. વિદ્યાર્થીઓનું કાગળમાંથી જુદી જુદી આકૃતિઓ બનાવવાનું કૌશલ્ય.

૨. વિદ્યાર્થીઓનું કોઇપણ વિષયના એક એકમના જ્ઞાન પરિવર્તનોનું માપન.

૩. વિદ્યાર્થીઓ કઇ કઇ બાબતમાં નિયમિતતાના ગુણો ધરાવે છે તેનું મૂલ્યાંકન.

પ્રશ્ન-૫. એકમ કસોટી એટલે શું ? એકમ કસોટીના આયોજન માટે બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરતી વખતે કઇ કઇ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે ? આ ત્રણેયને એકમ-કસોટીના આયોજનમાં શા માટે મહત્વ આપવામાં આવે છે તેના માટે એક એક કારણ લખો.

( દરેક કારણ ૨-૩ લીટીમાં લખો ) (૧૧)

પ્રશ્ન-૬. (અ) પ્રશ્ન નં.૪ માં પૂછેલા પ્રશ્નની જુદી જુદી વિગતોમાં કઇ વિગતો નીચે પ્રમાણેના હેતુ રજૂ કરે છે તે લખો. ( ૩ )

૧. જ્ઞાનના હેતુનો
૨. જ્ઞાનની સમજનો
૩. જ્ઞાનના ઉપયોગનો

(બ) તમારા શીખવવાના વિષયોમાંથી કોઇપણ એક એકમ પસંદ કરો. તેનું મૂલ્યાંકનના પાંચ પગથિયા પ્રમાણે આયોજન કરવાનો કોઠો તૈયાર કરો. ( ૫ )

પ્રશ્ન-૭. નીચે કેટલીક પરિસ્થિતિ રજૂ કરી છે, દરેક પરિસ્થિતિ પ્રમાણે જે યોગ્ય લાગે તેનું નામ લખો :- ( ૬ )

(૧) એક શિક્ષક કેટલાક એકમો શીખવ્યા પછી વિદ્યાર્થીઓની કસોટી લેવા માંગે છે. શિક્ષક ઇચ્છે છે કે શીખવેલા દરેક એકમનો તેની અગત્યના પ્રમાણે કસોટીમાં સમાવેશ થવો જોઇએ, અને તેના વિવિધ હેતુઓ પ્રમાણે તેનું મૂલ્યાંકન થવું જોઇએ તો શિક્ષક આ પ્રમાણેની કસોટી બનાવવા શું તૈયાર કરશે ?

(૨) શાળામાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ આપવાનો છે. તેના માટે કેટલાક વિદ્યાર્થીઓની પસંદગી કરવાની છે. શિક્ષક તેવા વિદ્યાર્થીઓના એક બીજા સાથેના સંબંધો જાણવાની ઇચ્છા રાખે છે. તો તે કઇ મૂલ્યાંકન પ્રવિધિ અને તેના કયા સાધનનો ઉપયોગ કરશે ?

(૩) બે શિક્ષક એક વિદ્યાર્થીના કેટલાક વ્યક્તિત્વના ગુણો જાણવા માટે જુદા જુદા પ્રસંગોએ તેનો અભ્યાસ કરે છે. કેટલાક લક્ષણો બાબત તે વિદ્યાર્થી વિશેના બન્નેના મત જુદા પડે છે. તો,

૧. બન્નેએ અહીં કઇ મૂલ્યાંકન પ્રવિધિ વાપરી ?

૨. આવા પરિણામ પરથી તે પ્રવિધિની કઇ એક મર્યાદા કહી શકાય ?

(૪) એક શિક્ષક ખૂબ અસરકારક રીતે શીખવે છે. પરંતુ પ્રશ્નપત્ર કાઢવાની તેનામાં બહુ ફાવટ નથી. તો સારો પ્રશ્નપત્ર કાઢવા માટે અસરકારક પ્રશ્નો તે શેમાંથી મેળવી શકે ?

પ્રશ્ન-૮. નીચે કેટલાંક વિધાનો આપેલા છે જે વિધાન સાચું હોય તેની આગળ ✓ નું નિશાન કરો, જે વિધાન ખોટું હોય તેની આગળ X નું નિશાન કરો. ખોટા વિધાનો સુધારીને ફરી લખો. (૬)

૧. પ્રશ્નોના તારવણી મૂલ્યથી હોશિયાર-નબળા વિદ્યાર્થીઓ વચ્ચેનો તફાવત જાણી શકાય.

૨. જેમ કઠિનતા મૂલ્ય વધુ તેમ પ્રશ્ન વધુ કઠિન.

૩. મૌખિક કસોટીમાં આત્મલક્ષી તત્વો વધુ છે.

૪. લેખિત કસોટી લેવામાં પ્રાયોગિક કસોટી કરતા વધુ સમય જાય છે.

૫. સમગ્રાત્મક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓના માપી શકાય તેવા પાસાંઓનો જ સમાવેશ કરવો જોઇએ.

૬. પ્રાપ્તાંક સુધારણાથી વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકમાં સુધારો થઇ શકે છે.

પ્રશ્ન-૯. નીચે જુદા જુદા ત્રણ ક્ષેત્રના હેતુઓ રજૂ કરતા વર્તનો આપ્યા છે. (૪)
જે વર્તન જ્ઞાનાત્મક ક્ષેત્રનું હોય ત્યાં 'જ્ઞા' લખો, જે વર્તન ભાવાત્મક ક્ષેત્રનું હોય ત્યાં 'ભા' લખો, અને ક્રિયાત્મક ક્ષેત્રનું હોય ત્યાં 'ક્રિ' લખો.

વિદ્યાર્થી,

૧. ભાષાના વર્ગો ભરવાનું પસંદ કરે છે.

૨. ભૂગોળમાં પ્રોજેક્ટ બનાવવા વિવિધ પ્રકારના નકશા દોરે છે.

૩. જુદા જુદા વૈજ્ઞાનિકોની શોધો વિશે વાંચતા તેમના પ્રત્યે અહોભાવ અનુભવે છે.

૪. અંગ્રેજીમાં શીખેલા નવા શબ્દોના આધારે આપેલા પદાર્થોના અંગ્રેજી નામ કહી શકે છે.

પ્રશ્ન-૧૦ નીચે (બ) વિભાગમાં કેટલાંક લક્ષણો આપેલા છે. (અ) વિભાગમાં (૬)

(અ) તે લક્ષણો માટેની ચાવી કે સંજ્ઞા આપી છે.

જો લક્ષણ,

મૂલ્યાંકનને લગતું હોય તો આપેલા ચોરસમાં 'મૂ' લખો.

માપનને લગતું હોય તો આપેલા ચોરસમાં 'મા' લખો.

નિબંધ પ્રકારના પ્રશ્નને લગતું હોય તો આપેલા ચોરસમાં 'નિ' લખો.

અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નને લગતું હોય તો આપેલા ચોરસમાં 'અ'લખો.

<u>લક્ષણો</u>

(બ) ૧. અભ્યાસક્રમ પ્રમાણમાં ઓછો આવરી શકાય છે.

૨. વિદ્યાર્થીઓના બધા જ પાસાં આવરી લેવામાં આવે છે માટે સમગ્રાત્મક છે.

૩. જવાબોનું સ્વરુપ નિશ્ચિત હોતું નથી.

૪. જવાબોના મૂલ્યાંકનમાં શિક્ષકનો મત અસર કરતો નથી.

૫. વિદ્યાર્થીઓની સિદ્ધિને સંખ્યામાં રજૂ કરવામાં આવે છે આથી સંખ્યાત્મક છે.

૬. સામાન્ય વિદ્યાર્થીની સિદ્ધિ કરતા ચઢતી કે ઉતરતી છે તે નક્કી કરવામાં આવે છે.

## સમગ્રાત્મક કસોટી

પ્રશ્ન-૧.

| | | |
|---|---|---|
| (૧) અ | (૫) ક | (૯) અ |
| (૨) ક | (૬) અ | (૧૦) બ |
| (૩) ક | (૭) ક | (૧૧) ક |
| (૪) બ | (૮) ક | (૧૨) અ |

પ્રશ્ન-૨.

(૧) સતત
(૨) પૂર્વજ્ઞાન
(૩) સાધન
(૪) સ્પષ્ટીકરણ, અપેક્ષિત ધોરણ
(૫) શૈક્ષણિક હેતુઓ
(૬) ઉચ્ચ માનસિક શક્તિઓ, જ્ઞાન
(૭) બ્લ્યૂપ્રિન્ટ
(૮) ત્રિપરિમાણ દર્શક
(૯) નમૂનારૂપ, ગુણાંક યોજના

પ્રશ્ન-૩.

(૧) શિક્ષક :- પોતાની શીખવવાની પદ્ધતિ અસરકારક છે કે કેમ તેનું માર્ગદર્શન મેળવી શકે છે.

વિદ્યાર્થી :- પોતે વધુ અભ્યાસ કરવાની પ્રેરણા મેળવી શકે છે, તેમજ કયાં વધુ મહેનત કરવાની જરૂર છે તે જાણી શકે છે.

સંચાલકો :- વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં ચઢાવવામાં તેમજ શાળામાં દાખલ કરવાનો નિર્ણય લેવા માટે મૂલ્યાંકન ઉપયોગી બને છે.

(૨) પ્રશ્ન, પ્રશ્નના ગુણ, પ્રશ્નનો પ્રકાર

(૩) (અ) જયારે બધી જ વિદ્યાર્થિનીઓ રમે છે ત્યારે નીતા એકબાજુએ એકલી અટૂલી બેસી રહે છે.

(બ) વર્ગમાં ખૂબ તોફાન કરતો રવિ તેના શિક્ષિકા આશાબેનના પિરીયડમાં શાંત બેસે છે, તેમજ તેમને ખૂબ માન આપે છે.

(૪) મૌખિક :- વિદ્યાર્થીઓ આરોહ અવરોહ સાથે વાંચી શકે.

પ્રાયોગિક :- કાગળમાંથી સુંદર ડીઝાઇન તૈયાર કરી શકે.

માટીમાંથી જુદા જુદા આકાર બનાવે.

(૫)

| માપન | મૂલ્યાંકન |
| --- | --- |
| (અ) સમગ્રાત્મક છે | આંશિક છે. |
| (બ) સંખ્યાત્મક છે | સંખ્યાત્મક તેમજ ગુણાત્મક છે. |
| (ક) પ્રસંગોપાત થાય છે | સતત ચાલતી પ્રક્રિયા છે. |

(૬)

| મુલાકાત | પ્રશ્નાવલિ |
| --- | --- |
| એક સાથે એક જ વિદ્યાર્થીની લઇ શકાય છે. | એક સાથે ઘણા વિદ્યાર્થીઓને આપી શકાય છે. |

(૭) (અ) પ્રશ્નોનું સ્વરુપ નિશ્ચિત અને સ્પષ્ટ હોવાથી જવાબો પણ નિશ્ચિત બને છે.

(બ) પ્રશ્નોનું મૂલ્યાંકન સહેલું છે.

(૮)અ. પ્રશ્નપત્રનો હેતુ વિદ્યાર્થીઓના વિવિધ વર્તનપરિવર્તનો માપવાનો હોય છે. વિવિધ પરિવર્તનો માપવા માટે એક જ પ્રકારના પ્રશ્નો પુરતા ન ગણાય. પ્રશ્નપત્રમાં ત્રણેય પ્રકારના પ્રશ્નો મૂકવાથી વિવિધ પરિવર્તનો માપવાનો હેતુ સિદ્ધ થઇ શકે છે.

બ દરેક પ્રકારના પ્રશ્નોને કેટલાક સારા અને નબળા લક્ષણો હોય છે ત્રણેય પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવાથી, એક જ પ્રકારના પ્રશ્નોની સારી કે ખોટી અસરથી પ્રશ્નપત્રને મુકત બનાવી શકાય છે.

(૯) (અ) વિજ્ઞાનમાં શીખવાડેલા જુદા જુદા સિદ્ધાંતોમાંથી બે સિદ્ધાંતોનો ઉપયોગ કરી પ્રયોગ કરી શકે.

(બ) અંગ્રેજીમાં શીખવાડેલા નવા શબ્દોમાંથી, ૧૦ શબ્દનો વાકયમાં ઉપયોગ કરી શકે.

પ્રશ્ન-૪. મૂલ્યાંકનની ત્રણ પ્રવિધિઓ પરીક્ષા, નિરીક્ષણ અને આત્મવૃત્તાંત છે.

| પરીક્ષા | નિરીક્ષણ | આત્મવૃત્તાંત |
|---|---|---|
| સિદ્ધિ કસોટીઓ | ક્રમાંક માપદંડ | મુલાકાત |
| | ચેકલિસ્ટ | પ્રશ્નાવલિ |
| | પ્રાસંગિક નોંધ | |
| | સામાજિકતા આલેખ | |

વિદ્યાર્થીઓનું કાગળમાંથી જુદી જુદી આકૃતિઓ બનાવવાનું કૌશલ્ય.

<u>૧. ક્રમાંક માપદંડ</u>

| | મૂલ્યાંકનના જુદા | ખૂબ સારી રીતે ૪ | સારી રીતે ૩ | સાધારણ ૨ | સામાન્યથી ઉતરતી રીતે ૧ | ખરાબ રીતે ૦ |
|---|---|---|---|---|---|---|
| (૧) | કાગળ સફાઈબંધ કાપે છે. | | | | | |
| (૨) | કાતર પકડવાની રીત | | | | | |
| (૩) | આકૃતિઓમાં વિવિધતા | | | | | |
| (૪) | સ્પષ્ટઆકૃતિ કાપી શકે છે. | | | | | |
| (૫) | કાગળના રંગની પસંદગી | | | | | |
| (૬) | સમયનો ખ્યાલ | | | | | |

વિદ્યાર્થીઓ કઇ કઇ બાબતમાં નિયમિતતાના ગુણો ધરાવે છે તેનું મૂલ્યાંકન :

ચેકલિસ્ટ

| લક્ષણો/વિદ્યાર્થીઓ | મયંક | નીતા | અમીત | લોપા | શીતલ | ચિરાગ |
|---|---|---|---|---|---|---|
| (૧) દરરોજ નિયમિત આવે છે. | | | | | | |
| (૨) ગૃહકાર્ય લાવવામાં નિયમિત | | | | | | |
| (૩) પાઠય પુસ્તકના વાચન ઉપરાંત નિયમીત ઇતર વાચન કરે છે. | | | | | | |
| (૪) હંમેશા યુનિફોર્મ પહેરે છે. | | | | | | |
| (૫) રમતગમતમાં નિયમિત ભાગ લે છે. | | | | | | |

વિદ્યાર્થીઓનું કોઇપણ વિષયના એક એકમના જ્ઞાન પરિવર્તનોનું માપન :

લેખિત કસોટી

એકમ: ઉત્તર ભારતની નદીઓ :-

નીચે કેટલાંક પ્રશ્નો આપ્યાં છે. દરેકની નીચે તેના શકય જવાબો આપેલા છે, જે જવાબ સૌથી સાચો હોય ત્યાં આગળ ✓ નું નિશાન કરો.

(અ) ગંગા નદીનું મૂળ કયાં છે ?

ગંગોત્રી
જમ્નોત્રી
કૈલાસ શિખર
માનસ સરોવર

(બ) ગંગા - યમુનાનો સંગમ થાય તે સ્થળ કયું ?

દિલ્હી
કલકત્તા
અલ્હાબાદ
આગ્રા

(ક) ગંગાનું પ્રવેશદ્વાર ગણાય છે.

મથુરા
બનારસ
દિલ્હી
આગ્રા

(ડ) સતલજ નદી પર કયો બંધ બાંધવામાં આવ્યો છે ?

હીરાકુંડ
કાકરા-પારા
દામોદર
ભાકરા-નાંગલ

ભૌગોલિક કારણો આપો :-

(૧) હિમાલયમાંથી નીકળતી નદીઓ બારે માસ પાણીથી ભરપૂર રહે છે.

(૨) ઉત્તર ભારતની નદીઓનો જળમાર્ગ તરીકે ઉપયોગ થાય છે.

(૩) પંજાબમાં સિંચાઇ વધુ થાય છે.

પ્રશ્ન-૫

એકમ કસોટી એટલે શીખવાડેલા દરેક એકમ તેમજ પેટા એકમોનું તેના હેતુઓની વિવિધ કક્ષા પ્રમાણે વિવિધ પ્રશ્નોથી મૂલ્યાંકન કરવા બનાવેલી કસોટી.

બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરતી વખતે નીચેની ત્રણ બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે :

(૧) અભ્યાસક્રમના શીખવાડેલા દરેક એકમનો સમાવેશ

(૨) દરેક એકમના વિવિધ કક્ષાના હેતુઓ

(૩) વિવિધ પ્રકારના પ્રશ્નો

ત્રણેયનું મહત્વ :-

(૧) દરેક એકમની તેના ગુણભાર પ્રમાણે સમાવેશ કરવાથી કસોટી પ્રમાણભૂત બની શકે.

(૨) દરેક એકમમાં કયા હેતુનું કેટલા પ્રમાણમાં મૂલ્યાંકન કરવાનું છે તેની સ્પષ્ટતા થઇ શકે છે.

(૩) હેતુ પ્રમાણે પ્રશ્નોના પ્રકાર નક્કી કરવાથી જે પ્રમાણેના પરિવર્તનોનું મૂલ્યાંકન કરવાનું છે તે કરી શકાય.

પ્રશ્ન-૬ (અ)

જ્ઞાનના હેતુની - મૂલ્યાંકનની ત્રણ પ્રવિધિઓ કઇ ?

જ્ઞાનની સમજની - દરેક પ્રવિધિના મૂલ્યાંકનના સાધન તરીકે શેની શેનો ઉપયોગ કરશો તે કોઠો બનાવીને લખો.

જ્ઞાનના ઉપયોગની - આ સાધનોમાંથી વિદ્યાર્થીઓની નીચેની શકિતઓનું મૂલ્યાંકન કરવા જે સાધનનો ઉપયોગ કરી શકો તેનો એક એક નમૂનો તૈયાર કરો.

પ્રશ્ન-૬ (બ)  વિષય:ભૂગોળ

એકમ : પૃથ્વીના કટિબંધો :

| શૈક્ષણિક હેતુ | વર્તન પરિવર્તનો | અધ્યયનઅનુભવો | મૂલ્યાંકન પદ્ધતિ | ચકાસણી |
|---|---|---|---|---|
| પૃથ્વીના કટિબંધો વિશે જ્ઞાન મેળવે. આકૃતિ દોરવાનું કૌશલ્ય કેળવે. નકશા વાંચનનું કૌશલ્ય કેળવે. | ૧. કટિબંધો એટલે શું તે લખશે. ૨. દરેક કટિબંધ કેટલાથી કેટલા અક્ષાંશ વચ્ચે આવેલા છે તે જાણે. ૩. કટિબંધોની આકૃતિ દોરી શકે. | કટિબંધો વિશે સમજ આપશે. પૃથ્વીની આકૃતિ દોરી, દરેક કટિબંધ કયા કયા અક્ષાંશા વચ્ચે આવેલા છે તે દોરી બતાવશે | કટિબંધોની આકૃતિ દોરવા આપશે. | આકૃતિ બરાબર દોરી છે કે કેમ તે જોશો |
| | ૪. દરેક કટિબંધોની આબોહવા, વનસ્પતિ વિશે લખો. | અક્ષાંશ અને આબોહવાના સિદ્ધાંતનો ઉપયોગ કરી, દરેક કટિબંધની આબોહવા, વનસ્પતિની સમજ આપશે. | દરેક કટિબંધની આબોહવા અને વનસ્પતિ વિશે લેખિત કસોટી આપશે. | આબોહવા અને વનસ્પતિ વિશે કેટલા જવાબ સાચા લખ્યા છે તે જોશે. |
| | ૫. દરેક કટિબંધો માં મુખ્ય કયા કયા દેશો આવેલા છે તેનો કોઠો તૈયાર કરે. | દુનિયાના નકશામાં જુદા જુદા કટિબંધો માં કયા કયા દેશો આવેલા છે તે બતાવશે. | દરેક કટિબંધમાં કયા કયા દેશો આવેલા છે તેનો કોઠો નકશાને આધારે તૈયાર કરવા આપશે. | દુનિયાના નકશામાંથી શોધી કોઠામાં કેટલા દેશો લખી શકયા તે જોશે. |

પ્રશ્ન-૭.

(૧) બ્લ્યૂપ્રિન્ટ

(૨) નિરીક્ષણ - સામાજિકતા આલેખ

(૩) નિરીક્ષણ - નિરીક્ષણ પદ્ધતિમાં શિક્ષકનું આત્મલક્ષીપણું મૂલ્યાંકન
પર અસર કરે છે.

(૪) પ્રશ્ન ભંડોળ

પ્રશ્ન-૮.

(૧) ✓

(૨) X જેમ કઠિનતા મૂલ્ય વધુ તેમ પ્રશ્ન ઓછો કઠિન.

(૩) ✓

(૪) ✓ લેખિત કસોટી લેવામાં પ્રાયોગિક કસોટી કરતા ઓછો સમય જાય છે.

(૫) X સમગ્રાત્મક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓના દરેક પાસાંઓનો સમાવેશ
કરવામાં આવે છે.

(૬) X પ્રાપ્તાંક સુધારણાથી વિદ્યાર્થીઓની અટકળ કરીને લખવાની
અસર ઓછી કરી શકાય છે.

પ્રશ્ન-૯.

(૧) ભા (૩) ભા

(૨) ક્રિ (૪) જ્ઞા

પ્રશ્ન-૧૦

(૧) નિં

(૨) મૂ

(૩) નિ

(૪) અ

(૫) મા

(૬) મૂ